શ્રીમન્ મહારાજ સયાજીરાવ ગ્રન્થમાલા. નં. ૭.

ઓષધિકોષ.

ભાગ ૧ લો.

"Leaving out of mind other species of drugs still credited with alterative properties, and which influence the various or the primery centres of the sympathetic system of nerves, we have yet to learn in what relation to the various dynamical forces of the human body these artificial classes of remedies stand."

Dr. Pandurang Gopal.

રચનાર.

ચમનરાય શિવશંકર વૈષ્ણવ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી—અમદાવાદ.

સંવત ૧૯૫૬. ઇ. સ. ૧૮૯૯.

કિંમત રૂ. ૧-૮-૦.

“ ધિ રાજનગર ટાઇપ ફાઉંન્ડરી પ્રિન્ટીંગ પ્રેસ. ”

અમદાવાદ.

શ્રીમન્ મહારાજ સયાજીરાવ ગ્રંથમાલાનો ઉપોદ્ઘાત.

વડોદરાના શ્રીમન્ મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદુર ઇ. સ. ૧૮૮૨ માં અમદાવાદ પધાર્યા હતા તે પ્રસંગે તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને રૂ. ૫,૦૦૦ બક્ષિસ કર્યા; માટે સોસાઇટીએ તેમને પોતાના મુરબ્બી (પેટ્રન) ઠરાવ્યાછે, અને તે રકમ તેમના નામથી જુદી રાખી તેનું વ્યાજ તેમને નામે ગ્રંથો રચાવવામાં, ગ્રંથો છપાવી પ્રસિદ્ધ કરવામાં, અને ઉત્તેજન દાખલ ગ્રંથો ખરીદ કરવામાં વાપરવાનો ઠરાવ કર્યો છે. તે પ્રમાણે આજ સૂધીમાં નીચે પ્રમાણે પુસ્તકો શ્રીમન્ મહારાજ સયાજીરાવ ગ્રંથમાલા તરીકે છપાવવામાં આવ્યાં છેઃ—

૧. ગ્રીસ દેશનો ઇતિહાસ.
૨. વિધવાવપન અનાચાર.
૩. હિંદનાં મહારાણી અને તેમનું કુટુંબ.
૪. ભાલણસુત ઉદ્ધવકવિકૃત રામાયણ.
૫. કર્ત્તવ્ય.
૬. બર્નિયરનો પ્રવાસ.
૭. ઓષધિ કોષ.

અમદાવાદ;

તા. ૧ ડીસેમ્બર સન ૧૮૯૯.

ઉપોદ્ઘાત.

"If the physicians of the present day would drop from the Pharmacopœa all the modern Drugs and Chemicals, and treat their patients according to the method of Charaka, there would be less work for the undertakers, and fewer chronic invalids in the world."

G. H. CLARK, M. A. M. D. Philadephia.

જેઓ ભરતખંડની પ્રાચીન વિદ્યા તથા સંસ્કૃત ભાષાથી સારી રીતે માહીત છે તેઓ તો માને છે કે તેમાં પ્રત્યેક વિષયના ઘણા મહાન્ અને પુષ્કળ ગ્રન્થો છે, અને તે ગ્રન્થો પણ એટલા બધા છે કે એ સઘળા જો એકઠા કરવામાં આવે, તો સર્વ વિષયના ગ્રન્થોનું એક મહાન્ પુસ્તકાલય બને છે. એ જ રીતે વૈદ્યવિદ્યાના ગ્રન્થો જોઇશું તો તે પણ અસંખ્ય લખાયલા છે, એટલુંજ નહિ પણ એ ગ્રન્થોની મહત્તા માટે વિશેષ બોલવા કરતાં અમેરિકાના પ્રખ્યાત ડાકટર ક્લાર્કનો મત ઉપર બતાવ્યો છે તે ઉપરથી જ એ વિષેની ખાત્રી થાય છે.

વૈદ્ય વિદ્યાના આ પ્રાચીન અસંખ્ય ગ્રન્થો મધ્યે હાલ મુખ્ય પ્રમાણભૂત ગણાતા ચાર મુખ્ય છેઃ—

निदाने माधवः श्रेष्ठः सूत्रस्थानेतु वाग्भटः ।
शारीरे सुश्रुतः प्रोक्तः चरकस्तु चिकित्सिते ॥

અત્ર આપણે વૈદ્યવિદ્યાનો ઇતિહાસ લખવા બેઠા નથી, તેથી આ ચાર ગ્રન્થોની મુખ્યતા બતાવીને હવે આ ગ્રન્થને ઉપયુક્ત દ્રવ્યોના વિભાગીકરણવિષે જ કંઇક ચર્ચા ચલાવીશું.

સૃષ્ટિમાંના સર્વ પદાર્થોના મુખ્ય ત્રણ ભાગો પાડેલા છેઃ—

૧. જાંગમ (Animal Kingdom).
૨. ઉદ્ભિજ્જ (Vegetable Kingdom).
૩. પાર્થિવ (Mineral Kingdom).

જાંગમ અથવા પ્રાણિજ દ્રવ્યોમાં મધ, દૂધ, માંસ ઇત્યાદિ ગણાય છે; પાર્થિવમાં ધાતુઓ, પથ્થરો, ચૂનો વગેરે આવે છે; અને ઉદ્ભિજ્જમાં ઝાડપાલો આવે છે. એ ઉદ્ભિજ્જના ચરક ચાર ભાગો* પાડે છે†:—

૧. વાનસ્પત્ય (Phœnogamous Plants).
૨. વનસ્પતિ (Criptogamic Plants).
૩. ઓષધિ (Annual, Bi-annual & Tri-annual Plants).
૪. વીરુધ (Creepers &c.).

ઉદ્ભિજ્જ દ્રવ્યોના ચરકે જે ભાગ પાડેલા છે તેમાં તે પ્રથમ પુનર્વસુ મુનિયે પાડેલા સાત ભાગો બતાવે છે તે વિભાગમાં ગણાય છે.* એ આઠ વિભાગો નીચે પ્રમાણે છેઃ—

૧. મૂલિની (કુલ ૧૬ બતાવી છે).
૨. ફલિની (કુલ ૧૯ બતાવી છે).
૩. સ્નેહની (કુલ ૪ બતાવી છે).
૪. લવણ (કુલ ૫ બતાવેલ છે).
૫. મૂત્ર (કુલ ૮ બતાવેલ છે).
૬. દૂધ (કુલ ૮ બતાવેલ છે).
૭. શોધની (કુલ ૬ બતાવી છે).

આ સર્વ ઓષધિઓના ચરકે પાડેલા મુખ્ય ઉપભાગો નીચે પ્રમાણે છેઃ—

૧. અપામાર્ગ તંડુલીય. (આના વર્ગો ૭ છે):—
   ૧. નસ્ય (શિરોવિરેચન).
   ૨. વમન (ઉલટી કરાવનાર).
   ૩. વિરેચન (જુલાબ લાવનાર).
   ૪. નિરૂહ બસ્તિ (તેલ તથા બીજી જાતની પીચકારી).
   ૫. અનુવાસન બસ્તિ (તેલની પીચકારી).
   ૬. યવાગૂ (રાબડી). વાસ્તવિકરીતે આ વર્ગોમાં નહિ પણ મૂળ તો ઉપર કહ્યાં તે પંચકર્મ જ વર્ગમાં છે.
૨. આરગ્વધીય. (આમાં ૩૨ જાતના ચૂર્ણપ્રદેહો આવે છે).
૩. ષડ્વિરેચન. (આમાં સો સો ના છ પ્રકારો છે).
૪. મહાકષાય. (આમાં ૧૦ વર્ગો છે તેને સ્કન્ધ કહે છે):—
   ૧. ઇષ્ટાન્તક (આમાં વિવર્ગ ૭ છે તેને ગણ કહે છે):—

૧. જીવનીય.	૨. બૃંહણીય.	૩. લેખનીય.
૪. ભેદનીય.	૫. સન્ધાનીય.	૬. દીપનીય.

   ૨. વાન્તક (આમાં ૪ વિવર્ગો છે):—

૧. બલ્ય.	૨. વર્ણ્ય.	૩. કંઠ્ય.	૪. હૃદ્ય.

   ૩. ક્ષાન્તક (આમાં છ વિવર્ગો છેઃ—

૧. અર્શોઘ્ન.	૨. કુષ્ઠઘ્ન.	૩. કંડૂઘ્ન.
૪. તૃપ્તિઘ્ન.	૫. કૃમિઘ્ન.	૬. વિષઘ્ન.

   ૪. અનાન્તક (આમાં ૪ વિવર્ગ છે):—

૧. સ્તન્યજનન.	૨. સ્તન્યશોધન.	૩. શુક્રજનન.
૪. શુક્રશોધન.		

---

* આ ચારમાં પ્રથમ બે હાલના પાશ્ચાત્ય વિદ્વાનો એ સ્વીકાર્યા છે અને ત્રીજો તથા ચોથો, એ ભાગ નહિ, પણ ઉપરના બે ભાગમાં જ ગણાય છે, તો પણ ચરકે જુદા બતાવ્યા છે તે આકૃતિ કે ગુણ વિવેચનની સગવડ ખાતર પાડેલા હોય એમ જણાય છે.

† Kingdom, Sub-Kingdom, Class, ઇત્યાદિ અંગ્રેજી પરિભાષાને માટે અત્ર ભાગ, વિભાગ, ઉપભાગ, વર્ગ, વિવર્ગ, ઉપવર્ગ, જાતિ, વિજાતિ અને ઉપજાતિ, ઇત્યાદિ શબ્દો યોજ્યા છે.

* પાશ્ચાત્ય વર્ગીકરણ સાથે આ વર્ગીકરણ પછીથી મળતું નથી.

૫. ઉપગાન્તક (આમાં ૭ વિવર્ગો આવે છે):—
૧. સ્નેહોપગ. ૨. સ્વેદોપગ. ૩. વમનોપગ.
૪. વિરેચનોપગ. ૫. આસ્થાપનોપગ. ૬. અનુવાસનોપગ.
૭. શિરોવિરેચનોપગ.

૬. નિગ્રહણાન્તક (આમાં ૩ વિવર્ગો છે):—
૧. છર્દિનિગ્રહણ. ૨. તૃષ્ણાનિગ્રહણ.
૩. હિક્કાનિગ્રહણ.

૭. સંગ્રહણ-વિરજનિય-વિરેચનીગાન્તક. (આમાં ૫ વિવર્ગો છે):—
૧. પુરીષસંગ્રહણીય. ૨. પુરીષવિરજનીય.
૩. મૂત્રસંગ્રહણીય. ૪. મૂત્રવિરજનીય.
૫. મૂત્રવિરેચનીય.

૮. હરાન્તક (આમાં ૫ વિવર્ગો છે):—
૧. કાસહર. ૨. શ્વાસહર* ૩. શોથહર.
૪. જ્વરહર. ૫. શ્રમહર.

૯. પ્રશમનાન્તક (આમાં પાંચ વિવર્ગો છે):—
૧. દાહપ્રશમન. ૨. શીત પ્રશમન.
૩. ઉદર્દપ્રશમન. ૪. અંગમર્દપ્રશમન.
૫. શૂળપ્રશમન.

૧૦. સ્થાપનાન્તક (આમાં ૫ વિવર્ગો છે):—
૧. શોણિતાસ્થાપન. ૨. વેદનાસ્થાપન.
૩. સંજ્ઞાસ્થાપન. ૪. પ્રજાસ્થાપન.
૫. વયઃસ્થાપન.

આ પ્રમાણે ચરકે વિભાગ પાડેલા છે. તે ઉપરથી ગુણો વગેરેનું જ્ઞાન થાય છે. બીજો મહાન્ ગ્રન્થ સુશ્રુતનો છે. તેણે આ વિષયમાં ચાર જ મુખ્ય ભાગ પાડેલ છે, તે નીચે પ્રમાણે છેઃ—

૧ વિદારીગન્ધાદિગણ (આમાં ૧૯ દ્રવ્યો છે.)
૨ શાલિપર્ણ્યાદિગણ. (આમાં ૨૧ દ્રવ્યો છે).
૩ વરુણાદિગણ. (આમાં ૨૧ દ્રવ્યો છે).
૪ વીરતર્વાદિગણ. (આમાં ૧૮ દ્રવ્યો છે).

ત્રીજો મહાન્ ગ્રન્થ વાગ્ભટનો છે.

૧ ધાન્યવર્ગ.
૧ શાલિવર્ગ. ૨ તૃણધાન્ય. ૩ શિમ્બીવર્ગ.
૨ માંસવર્ગ.
૩ શાકવર્ગ.
૧ પાઠાદિ. ૨ પંચાલાદિ. ૩ કૂષ્માંડાદિ.
૪ મૃણાલાદિ. ૫ કદલ્યાદિ. ૬ કુઠેરાદિ.
૪ ફલવર્ગ.
૫ વિવિધૌષધ વર્ગ.
૧ લવણ. ૨ હિંગ. ૩ ત્રિફલા.
૪ ચાતુર્જાત. ૫ પંચકોલ. ૬ દશમૂલ.
૧ ત્રિજાત. ૧ ત્રિકટુ.
૨ કેશર. ૨ પીપળીમૂળ
૩ ચિત્રક.

* શ્વાસ એટલે પ્રાણ નહિ, પણ શ્વાસનો રોગ સમજવો.

૭ જીવનપંચમૂલ. ૮ તૃણપંચમૂલ.
૧ લઘુપંચમૂલ.
૨ બૃહત્પંચમૂલ.

વાગ્ભટે બીજી રીતે ૭ રસના ભાગો પાડેલા છે અને તેને સ્કન્ધ કહે છેઃ—

૧ મધુરસ્કન્ધ. ૨ અમ્લસ્કન્ધ. ૩ લવણસ્કન્ધ.
૪ તિક્તસ્કન્ધ. ૫ કટુસ્કન્ધ. ૬ કષાયસ્કન્ધ.

વળી વાગ્ભટે ૨૫ ગણ પાડેલા છેઃ—

૧ જીવનીય. ૨ વિદાર્યાદિ. ૩ સારિવાદિ. ૪ પદ્મકાદિ.
૫ પરૂષકાદિ. ૬ અંજનાદિ. ૭ પટોલાદિ. ૮ ગુડૂચ્યાદિ.
૯ આરગ્વધાદિ. ૧૦ અસનાદિ. ૧૧ વરુણાદિ. ૧૨ ઉષકાદિ.
૧૩ વીરતર્વાદિ. ૧૪ રોધ્રાદિ. ૧૫ અર્કાદિ. ૧૬ સુરસાદિ.
૧૭ મુષ્કકાદિ. ૧૮ વાસકાદિ. ૧૯ વચાદિ. ૨૦ પ્રિયંગ્વાદિ.
૨૧ અંબષ્ઠાદિ. ૨૨ મુસ્તાદિ. ૨૩ ન્યગ્રોધાદિ. ૨૪ એલાદિ.
૨૫ શ્યામાદિ.

આ પચીસે ગણો પણ ગુણાનુસાર પાડેલા છે. એ ગુણો પણ ક્રમસર જીવનવર્દ્ધક, વાતપિત્તાદિનાશક, દાહાદિશામક, જીવનસંજ્ઞક, તૃષાદિહર, વિષનાશક, કફાદિનાશક, પિત્તાદિનાશક, અ-કવાહર, શ્વિત્રકુષ્ઠાદિનાશક, કફનાશક, મૂત્રકૃચ્છ્રાદિનાશક, વાતરોગનાશક, મેદોહર, કફભેદનાશક, કફરોગનાશક, ગુલ્માદિનાશક, વાતાદિનાશક, આમાતિસારનાશક, પક્વાતિસારનાશક, અતિસારનાશક, યોનિરોગનાશક, વ્રણાદિનાશક, વાતકફનાશક, અને ગુલ્માદિરોગહર છે.

આ મહાઆચાર્યોમાં વળી એક ધન્વન્તરી નિઘંટ, રાજનિઘંટ, ઇત્યાદિ ગ્રન્થો પણ વર્ગીકરણ સંબન્ધીના છે. ધન્વન્તરીના વર્ગો નીચે પ્રમાણે છેઃ—

૧ ગુડૂચ્યાદિ. ૨ શતપુષ્પાદિ. ૩ ચન્દનાદિ.
૪ કરવીરાદિ. ૫ આમ્રાદિ. ૬ સુવર્ણાદિ.
૭ મિશ્રકાદિ.

રાજ નિઘંટના વર્ગો નીચે પ્રમાણે છેઃ—

૧ અનૂપાદિ. ૨ ભૂમ્યાદિ. ૩ ગુડૂચ્યાદિ.
૪ શતાહ્વાદિ. ૫ પર્પટાદિ. ૬ પિપ્પલ્યાદિ.
૭ મૂલકાદિ. ૮ શાલ્મલ્યાદિ. ૯ પ્રભદ્રાદિ.
૧૦ કરવીરાદિ. ૧૧ આમ્રાદિ. ૧૨ ચન્દનાદિ.
૧૩ સુવર્ણાદિ. ૧૪ પાનીયાદિ. ૧૫ ક્ષીરાદિ.
૧૬ શાલ્યાદિ. ૧૭ માંસાદિ. ૧૮ મનુષ્યાદિ.
૧૯ સિંહાદિ. ૨૦ રોગાદિ. ૨૧ સત્ત્વાદિ.
૨૨ મિશ્રકાદિ. ૨૩ એકાર્થાદિ.

આ રાજનિઘંટના વર્ગો કંઇ દ્રવ્યના જ નથી, પણ પાણી, રોગ, ઇત્યાદિ સર્વે પદાર્થોના છે.

એક લઘુ પુસ્તકમાં ડાક્ટર આલ્ફર ભારતખંડના તથા ગ્રીક વગેરે વૈદ્યોનો ઇતિહાસ આપે છે.* તેમાં તે દુનિયાંના મુખ્ય વૈદ્યો નીચે પ્રમાણે ગણાવે છેઃ—

* "The Vydian and the Hakim."

૧. **ચિરોન (Chiron)**, ઇ. સ. પૂર્વે ૧૨૦૦; તેનું શરીર અશ્વનું હતું, અને મુખ માણસનું હતું. તે કદાચ અશ્વિનીકુમાર હોય તો હોય! તેના શિષ્યો આક્યુસ, હર્ક્યુલીસ, જેસન, ઇસ્ક્યુલેપિસ, આચાઓન, પેડાલિરિયસ્ ડનીઆસ, અને એકીલીસ હતા. આંખનાં દરદોમાં તે વિશેષ પ્રવીણ હતો, અને ગાયનને રોગોનો ઉત્તમ ઉપાય માનતો હતો.

૨. ઇસ્ક્યુલેપિયસ્, (Æsculapius), ઇ. સ. પૂર્વે ૧૨૦૦; તે એપોલો (સૂર્ય)નો પુત્ર હતો.

૩. ધન્વન્તરિ; ગ્રીક લોકોમાં ઇસ્ક્યુલેપિયસ્ હતો તેવો જ આ ભરતખંડમાં હતો. (ઇ. સ. પૂર્વે ૧૧૦૦).

૪. ચરક, ઇ. સ. પૂર્વે ૧૦૦૦.
૫. સુશ્રુત, ઇ. સ. પૂર્વે ૧૦૦૦.
૬. પીથાગોરાસ (Pythagoras), ઇ. સ. પૂર્વે ૫૭૦–૫૦૪.
૭. અગસ્ત્ય, ઇ. સ. પૂર્વે ૫૦૦.
૮. એનાક્સાગોરાસ (Anaxagoras), ઇ. સ. પૂર્વે ૫૦૦–૪૨૮.
૯. સોક્રેટીસ (Socrates), ઇ. સ. પૂર્વે ૪૬૮–૩૯૯.
૧૦. ડેમોક્રિટસ (Democritus), ઇ. સ. પૂર્વે ૪૬૦–૩૫૭.
૧૧. હિપ્પોક્રેટીસ (Hippocrates), ઇ. સ. પૂર્વે ૪૬૦–૩૬૧.
૧૨. એક્રોન (Acron), ઇ. સ. પૂર્વે ૪૬૦.
૧૩. પ્લેટો (Plato), ઇ. સ. પૂર્વે ૪૨૯–૩૪૭. આને મુસલમાનો ઇફ્લાતુન કહે છે.
૧૪. પોલીબિયસ્ (Polybius), ઇ. સ. પૂર્વે ૪૫૦.
૧૫. ટેસિયાસ્ (Ctesias), ઇ. સ. પૂર્વે ૪૪૦–૩૭૦.
૧૬. એરિસ્ટોટલ (Aristotle), ઇ. સ. પૂર્વે ૩૮૪–૩૨૨.
૧૭. થીઓફ્રેસ્ટસ (Theophrastus), ઇ. સ. પૂર્વે ૩૭૧–૨૮૫.
૧૮. હીરોફિલસ્ (Hirophilus), ઇ. સ. પૂર્વે ૩૨૩–૨૮૩.
૧૯. ઇરાસિસ્ટ્રેટસ્ (Erasistratus), ઇ. સ. પૂર્વે ૩૨૩–૨૫૮.
૨૦. હાઇરોક્લીસ્ (Hierocles), ઇ. સ. પૂર્વે ૩૨૩–૨૫૮.
૨૧. ટોલેમી (Ptolemy), ઇ. સ. પૂર્વે ૩૨૩–૫૧.
૨૨. સેરાપિયન (Serapion), ઇ. સ. પૂર્વે ૨૫૦.
૨૩. નિકાંડર (Nicander), ઇ. સ. પૂર્વે ૧૩૫.
૨૪. એસ્ક્લેપિયાડીસ્ (Asclepiades), ઇ. સ. પૂર્વે ૧૦૬–૪૬.
૨૫. ડિયોડોરસ્ (Diodorus), ઇ. સ. પૂર્વે ૮૦.
૨૬. હેરાક્લાઇડીસ (Heraclides), ઇ. સ. ૧.
૨૭. ઓરેલીઅસ (Aureleus), ઇ. સ. ૩૮.
૨૮. એરીટીઅસ (Aretaeus), ઇ. સ. ૭૯.
૨૯. પ્લિની (Pliny), ઇ. સ. ૨૩–૭૯.
૩૦. પેડાશિયસ્ (Pedacius), ઇ. સ. ૬૩.
૩૧. સીલિયસ ઓરેલિયાનસ્ (Caelius Aurelianus), ઇ. સ. ૧૦૦.
૩૨. મેરિનસ્ (Marinus), ઇ. સ. ૧૩૦–૨૦૦.
૩૩. કલોડિયસ ગાલેનસ્ (Clandiers Galenus), ઇ. સ. ૧૩૦–૨૦૦.
૩૪. ઓરોબાશિયસ્ (Orobasius), ઇ. સ. ૩૫૦.
૩૫. બર્ઝુયાહ (Barzuah), ઇ. સ. ૫૩૧–૫૭૯.
૩૬. પૌલસ્ (Paulus), ઇ. ૬૫૦.
૩૭. આરોન (Aaron), ઇ. સ. ૬૫૦–૬૮૩.
૩૮. અબ્બાસિ (Abbassi), ઇ. સ. ૭૧૩–૮૩૩.
૩૯. જ્યોર્જ ઇબ્ન બૅક્ટિશુઆ (George ibn Bactishua), ઇ. સ. ૭૫૩.
૪૦. જૉન મેસ્યુ (John Mesue), ઇ. સ. ૮૧૩.
૪૧. જૉન સેરાપિયન (John serapion), ઇ. સ. ૮૭૦–૯૩૨.
૪૨. રેઝીસ (Rhazes), ઇ. સ. ૯૨૩–૯૩૨.
૪૩. હોનેન બિન્ ઇસાક (Honain bin Ishaq), ઇ. સ. ૮૮૦.
૪૪. અલિ અબ્બાસ્ (Ali Abbas), ઇ. સ. ૯૦૦.
૪૫. સેનાન (Senan) ઇ. સ. ૯૪૨.
૪૬. આવિસેના (Avicenna), ઇ. સ. ૯૮૦–૧૦૩૭.
૪૭. આલ્બુકાસા (Albucasa), ઇ. સ. ૧૦૫૦.
૪૮. એવનઝોર (Avanzoar), ઇ. સ. ૧૦૭૨–૧૧૬૨.
૪૯. કોન્સ્ટાંટિનસ્ આફ્રિકાનસ્ (Constantinus Africanus), ઇ. સ. ૧૦૮૦.
૫૦. એવર્હોઝ (Averrhoes) ઇ. સ. ૧૧૪૯–૧૧૯૮.
૫૧. મેમોનાઇડીસ્ (Maimonides), ઇ. સ. ૧૧૩૧.
૫૨. એક્ટુઆરિયસ્ (Actuarius), ઇ. સ. ૧૧૫૦.
૫૩. ગ્રેગરીઅબુલફરાગિયસ્ (Gregory Abul Faragius), ઇ. સ. ૧૨૨૬–૧૨૮૬.
૫૪. બાભટ, ઇ. સ. ૧૨૦૦. આ જ વાગ્ભટ છે.
૫૫. લેન્ફ્રાંક (Lanfranc), ઇ. સ. ૧૨૦૦.
૫૬. મોંડિનિ–ડિ–લુઝિ (Mondini di Luzzi), ઇ. સ. ૧૨૦૦.
૫૭. થોમસ લિનાકર (Thomas Linacre), ઇ. સ. ૧૪૬૦–૧૫૨૪.
૫૮. જોન ફિલિપ ઇન્ગ્રેસિયા (John philip Ingrassia), ઇ. સ. ૧૫૧૧–૧૫૮૧.
૫૯. લિ–શિ–ચિન (Li-shi-chin), ઇ. સ. ૧૫૦૦.
૬૦. જોન ફ્રાંસિસ ફર્નેલ (John Francis Furnel), ઇ. સ. ૧૫૦૬–૧૫૫૮.
૬૧. એંબ્રોઝ પેરી (Ambrose Paré), ઇ. સ. ૧૫૦૯–૧૫૯૦.
૬૨. એંડ્રીઆસ્ વેસાલિયસ્ (Andreas Vesalius), ઇ. સ. ૧૫૧૪–૧૫૬૪.
૬૩. ફેબ્રિશિયસ અબ્ એકવાપેંડેંટ (Fabricius ab Aquapendente), ઇ. સ. ૧૬૦૦.
૬૪. ગેબ્રાયલો ફાલ્લોપિયો (Gabriello Fallopio), ઇ. સ. ૧૫૨૩–૧૫૬૨.
૬૫. બાર્ટોલોમીઓ યુસ્ટાકિયો (Bartolomeo Eustachio), ઇ. સ. ૧૫૨૫–૧૫૭૪.
૬૬. વિલિયમ ગિલ્બર્ટ (William Gilbert), ઇ. સ. ૧૫૪૦–૧૬૦૩.

૬૭. એંડ્રીઆસ સીસાલ્પિનિ (Andreas Caesalpini), ઈ. સ. ૧૬૦૩.

૬૮. સારભિશ, ઈ. સ. ૧૫૫૦.

૬૯. વિલિયમ હાર્વી (William Harvey), ઈ. સ. ૧૫૭૮–૧૬૫૭.

૭૦. વિદુસ (Vidus) ઈ. સ. ૧૬૦૦.

૭૧. ફ્રાંસિસગ્લીસન (Francis Glisson), ઈ. સ. ૧૫૯૭—૧૬૭૭.

૭૨. થીઓફિલસ બોનેટ (Theophilus Bonet) ઈ. સ. ૧૬૨૦–૧૬૮૯.

૭૩. થોમસ સીડન્હામ (Thomas Sydenham), ઈ. સ. ૧૬૨૪–૧૬૮૯.

૭૪. મુહંમદ યાકુબ બિન્ યુસુફ, ઇ. સ. ૧૬૨૮.

૭૫. માર્સેલ્લો માલ્પિઘિ (Marcello Malphigi), ઈ. સ. ૧૫૨૮–૧૬૯૪.

૭૬. ફ્રેડરિક રઇસ્ક (Frederic Ruysch), ઈ. સ. ૧૬૩૮–૧૭૩૧.

૭૭. સરરોબર્ટ સિબ્બાલ્ડ (Sir Robert Sibbald) ઈ. સ. ૧૬૪૧–૧૭૨૦.

૭૮. જિયોવનિ માર્શિયા લેન્સિસિ (Giovanni Marcia Lancisi), ઈ. સ. ૧૬૫૪–૧૭૨૦.

૭૯. ઈંગલ્બર્ટ કીંફર (Engelbert Koempher), ઈ. સ. ૧૬૫૭–૧૭૧૬.

૮૦. ફ્રાઇડેરિક હોફ્માન (Friederich Hoffmann), ઈ. સ. ૧૬૬૦–૧૭૪૨.

૮૧. સરહાન્સ સ્લોન (Sir Hans sloane), ઈ. સ. ૧૬૬૦–૧૭૫૨.

૮૨. જ્યોર્જબાગ્લિવિ (George Baglivi), ઇ. સ. ૧૬૬૭–૧૭૦૬.

૮૩. હર્મન બોઅર્હેવ (Hermann Boerhaave ,) ઈ. સ. ૧૬૬૮–૧૭૩૮.

૮૪. જિયોવનિ બાટિસ્ટા મોર્ગાગ્નિ (Geovanni Battists Morgagni), ઈ. સ. ૧૬૮૨–૧૭૭૧.

૮૫. જુસ્યુ (Jussieu) ઈ. સ. ૧૬૮૬–૧૭૭૯.

૮૬. વિલિયમ ચેસેલ્ડન (William Cheselden), ઈ. સ. ૧૬૮૮–૧૭૫૨.

૮૭. અલેક્ઝાંડર મોન્રો (Alexander Monro), ઈ. સ. ૧૬૯૭–૧૭૫૯.

૮૮. જીરાર્ડ વાન્ સ્વાઇટન (Gerard van swieten), ઈ. સ. ૧૭૦૦–૧૭૭૨.

૮૯. રોબર્ટ જેમ્સ (Robert James), ઈ. સ. ૧૭૦૩–૧૭૭૬.

૯૦. લીનીઅસ (Linnaeus) ઈ. ૧૭૦૭–૧૭૭૮.

૯૧. આલ્બર્ટ વૉન્ હૅલર (Albert von Haller), ઈ. સ. ૧૭૦૮–૧૭૭૭.

૯૨. જોસેફ લ્યૂટૉડ (Joseph Lieutoud), ઈ. સ. ૧૭૮૦.

૯૩. સર્ જોન પ્રિંગલ (Sir John Pringle), ઈ. સ. ૧૭૦૭–૧૭૮૨.

૯૪. વિલિયમ સ્મેલાઇ (William Smellie), ઈ. સ. ૧૭૬૩.

૯૫. વિલિયમ હેબર્ડેન (William Heberden), ઇ. સ. ૧૭૧૦–૧૮૦૧.

૯૬. વિલિયમ કુલેન (William Cullen), ઇ. સ. ૧૭૧૨–૧૭૯૦.

૯૭. પર્સિવલ પોટ (Percival Pott), ઈ. સ. ૧૭૧૩–૧૭૮૮.

૯૮. વિલિયમ હંટર (William Hunter), ઈ. સ. ૧૭૧૮–૧૭૮૩.

૯૯. લીઓપોલ્ડ ઓએન્બ્રુગર વૉન્ ઓએન્બ્રુગ (Leopold Auenbrugger von Auenbrug), ઈ. સ. ૧૭૨૨–૧૭૯૮.

૧૦૦. જોનહંટર (John Hunter), ઈ. સ. ૧૭૨૮–૧૭૯૩.

૧૦૧. લેઝેરો સ્પાલેન્ઝનિ (Lazaro Spallanzani), ઈ. સ. ૧૭૨૯–૧૭૯૯.

૧૦૨. જોસેફ પ્રીસ્ટ્લી (Joseph Priestley), ઈ. સ. ૧૭૩૩–૧૮૦૪.

૧૦૩. જેમ્સ કાર્મિકાએલ સ્મીથ (James Carmicheal Smith), ઈ. સ. ૧૭૪૧–૧૮૨૧.

૧૦૪. એંટાઇની લૌરેંટી લાવોઇસિયર્ (AntoineLaurente Lavoisier), ઈ. સ. ૧૭૪૨–૧૭૯૪.

૧૦૫. એડ્વર્ડ જેન્નર (Edward Jenner), ઈ.સ. ૧૭૪૯–૧૮૨૩.

૧૦૬. મેથ્યુ બેલી (Mathew Baillie), ઈ. સ. ૧૭૬૧–૧૮૨૩.

૧૦૭. જોન એબર્નેથી (John Abernethy), ઈ. સ. ૧૭૬૩–૧૮૩૧.

૧૦૮. બેરન ડુમિનિક જીન ડી લારી (Baron Dominique Jean de Larrey), ઈ. સ. ૧૭૬૬–૧૮૪૧.

૧૦૯. મેરી ફ્રાંકોઇઝ ઝેવિયર બિચટ (Marie Francois Xavier Bichat), ઈ. સ. ૧૭૭૧–૧૮૦૨.

૧૧૦. સર ચાર્લ્સ બેલ (Sir Charles Bell), ઈ. સ. ૧૭૭૪–૧૮૪૨.

૧૧૧. ઓગસ્ટિન્ પાઇરેમ ડી કેંડોલી (Augustin Pyrame de Candolle), ઈ. સ. ૧૭૭૮–૧૮૪૧.

૧૧૨. રેને થીઓફિલે હાયાસિંથે લીનેક (René Theophile Hyacinthe Laennec), ઈ. સ. ૧૭૮૧–૧૮૨૬.

૧૧૩. સર બેંજામિન કોલિન્સ બ્રોડી (Sir Benjamin Collins Brodie), ઈ. સ. ૧૭૮૩–૧૮૬૨.

૧૧૪. વિલિયમ ટ્વિનિંગ (William Twining), ઈ. સ. ૧૮૩૫.

૧૧૫. સર વિલિયમ લેરેન્સ (Sir William Lawrence), ઈ. સ. ૧૮૦૦.

૧૧૬. રોબર્ટ લિસ્ટન (Robert Liston), ઈ.સ. ૧૭૯૪–૧૮૪૭.

૧૧૭. મી. ફોક્સ (Mr. Fox), ઇ. સ. ૧૮૦૦.

૧૧૮. વોન ગ્રીફી (Von Graefe), ઇ. સ. ૧૮૭૧.

૧૧૯. જેમ્સ સાઇમી (James Syme), ઈ.સ. ૧૭૯૯–૧૮૭૦.

૧૨૦. રિચર્ડ ઓવન (Richard Owen), ઇ. સ. ૧૮૦૪.

૧૨૧. સર જેમ્સ યંગ સિંપ્સન (Sir James Simpson), ઈ. સ. ૧૮૧૧–૧૮૭૦.

૧૨૨. જોન કોનોલ્લી, એમ્. ડી. (John Conolly, M. D.), ઈ. સ. ૧૮૦૦.

૧૨૩. જે. મારિયન સિમ્સ, એ. બી. એમ. ડી. (J. Marion Sims, A. B., M. D.).

૧૨૪. ડુચેની (Duchenne).

૧૨૫. નોર્મન ચીવર્સ (Norman Chevers), ઇ. સ. ૧૮૧૮.

આ નામોમાં ઘણો ભાગ પાશ્ચાત્ય ડાકટરોનો છે અને તે દરેકે કંઇ કંઇ નવી શોધો કરેલી છે. ભરતખંડના વૈદ્યોનાં તો તેમાં ધન્વન્તરિ, ચરક, સુશ્રુત, અગસ્ત્ય, વાગ્ભટ અને ભાવમિશ્રનાં નામો છે. ચરકને પ્રોફેસર વિલ્સન નવમા દશમા શતકમાં મૂકે છે, તો પણ તે વિશેષ જૂનો હોય એમ બાબુ અવિનાશચન્દ્ર કવિરત્ન કહે છે. આવિસેના, હેંઝીસ અને સેરાપિયનના ગ્રંથોમાં ચરકનું નામ આવે છે એમ ડાકટર રોઇલ પોતાના ગ્રંથમાં* કહે છે.

આયુર્વેદ મૂળના આઠ ભાગો છેઃ—

૧. શલ્યતંત્ર (Surgery).
૨. શાલક્ય („ external).
૩. કાયચિકિત્સા (Medicinal Treatment).
૪. ભૂતવિદ્યા (Mental Ailments).
૫. કૌમારભૃત્ય (Nursing).
૬. અગદતન્ત્ર (Antidotes of poisons).
૭. રસાયનતન્ત્ર (Chemistry).
૮. વાજીકરણતન્ત્ર (Reproduction.).

સુશ્રુતે આ આઠ ભાગોને છ અધ્યાયોમાં ગોઠવેલ છેઃ—

૧. સૂત્રસ્થાન (Surgery). અધ્યાય ૪૬.
૨. નિદાનસ્થાન (Nosology). „ ૧૬.
૩. શારીરસ્થાન (Anatomy). „ ૧૦.
૪. ચિકિત્સાસ્થાન (Therapeutics). „ ૪૦.
૫. કલ્પસ્થાન (Toxicology.). „ ૮.
૬. ઉત્તરસ્થાન (Local Diseases) „ ૬૬.

* " Essay on the Antiquity of Indian Medical science. "

અગસ્ત્યના ગ્રન્થો નીચે પ્રમાણે કહેવાય છે, તે સર્વે તમિલ ભાષામાં છે, એમ વિલ્સન કહે છેઃ—

૧. વૈદ્ય વગદમ્ (વૈદ્યવિદ્યાનો).
૨. કંદ પુરાણમ્ (સ્કન્દ પુરાણ ?).
૩. તેરુ વલિયાદલ્ પુરાણમ્ (નીતિશાસ્ત્ર).
૪. પસાવેદિ (કર્મકાંડ).
૫. દીક્ષ અવેદિ (રસ શાસ્ત્ર–કામાદિ).
૬. પેર્નુલ (દરદો વિષે).
૭. પુરાણનુલ્ (ભક્તિ).
૮. પુરાણસૂત્રમ્ (ઓષધિ ગુણદર્શન શાસ્ત્ર).
૯. કર્મ કન્દન (પાપના પરિણામ રૂપ રોગો વિષે).
૧૦. અગસ્ત્ય વિદ્યા (શુદ્ધિ વિષે).
૧૧. „ „ (રસાયણ શાસ્ત્ર).
૧૨. „ વગદમ્ (પ્રમેહનો ઉપાય).
૧૩. „ „ (મસ્તકનાં દરદો તથા ઉપાય).
૧૪. કલીગ્–બિયાનમ્ (બ્રહ્મવિદ્યા).
૧૫. ——— (કોઢ તથા તેનો ઉપાય).
૧૬. અગસ્ત્ય વિદ્યા (વનસ્પતિ વિદ્યા).
૧૭. „ „ (રોગો તથા ઉપાયો).
૧૮. „ „ (ઔષધપ્રક્રિયા શાસ્ત્ર).

ઓષધિઓના વર્ગીકરણના સંબન્ધમાં પશ્ચિમ દેશમાં પ્રથમ લીનિયસ્ નામનો વિદ્વાન્ પ્રસિદ્ધ થઇ ગયો છે, તેણે પુષ્પોના કેશરાની સંખ્યા ઉપરથી વર્ગો પાડેલા છે, અને તે પછી ડી. કાંડોલી થયો તેણે હાલનું વર્ગીકરણ રચેલું છે. એ વર્ગો આ પુસ્તકમાં આપેલા છે (આસન ૧૭ મું), તે પ્રમાણે ઘણા છે અને તે વિષે લખવું અત્ર ઉચિત નથી. એ વિષય વનસ્પતિ વિદ્યાના ગ્રન્થમાં ચર્ચવા જેવો છે. તોપણ Encyclopaedia Britannica નામના વિશ્વકોષ ગ્રન્થમાં Vegetable Kingdom એ નામના વિષયમાં આપેલ વર્ગીકરણ આ ઉપોદ્‌ઘાતને અન્તે આપેલું છે.

આટલું કહી ઉપોદ્‌ઘાત બન્ધ કરતાં જણાવવાનું કે ઓષધિયો સંસ્કૃત વૈદક ગ્રન્થોમાં જે જે બતાવી છે તે તે હાલ બરોબર ઓળખાતી નથી, અને એક દેશમાં તેને કંઇ કહે છે તો બીજામાં કંઇક કહે છે, તેથી તેનો યથાર્થ ઉપયોગ થઇ શકતો નથી. આને માટે ઘણા મતભેદો છે, તોપણ એ સર્વે ગ્રંથો તપાસીને આ ગ્રંથ રચવામાં આવ્યો છે તેમાં પણ ભૂલો હશે, તોપણ જે જે ગ્રંથોનું મ્હેં દોહન કરેલું છે તે અત્ર બતાવું છું.

સંસ્કૃત.

૧. ચરક સંહિતા.	૨. સુશ્રુત સંહિતા.
૩. વાગ્ભટ.	૪. ભાવપ્રકાશ.
૫. નિઘંટ રત્નાકર.	૬. નિઘંટ સંગ્રહ.
૭. ધન્વંન્તરિનિઘંટ.	૮. રાજનિઘંટ.
૯. શોઢલ.	૧૦. મદનપાલનિઘંટ.

અંગ્રેજી.

૧૧. Dymock's Vegetable Materia Medica of Western India.

૧૨. Roxbergh's Flora Indica.

૧૩. Drury's Useful Plants of India.

૧૪. Bentley's Botany.

૧૫. Chambers' Encyclopaedia.

૧૬. Encyclopaedia Britannica.

ફારસી.

૧૭. મખજન-અલ્-અદ્વિયા.

ઇત્યાદિ.

ભૂલચૂકને માટે વાચક ક્ષમા કરશે અને આ પ્રયત્ન આગળ શોધને માટે એક સાધન રૂપ ગણાશે. તથાસ્તુ !

અમદાવાદ,

તા. ૧૫ નવેમ્બર **ચમનરાય શિવશંકર વૈષ્ણવ.**

સન ૧૮૯૯ ઇસ્વી.



CLASSIFICATION GIVEN IN THE *ENCYCLOPAEDIA BRITANNICA*

ARTICLE *VEGETABLE KINGDOM.*

Vegetable.	Kingdom.
Thallophyta.	Sub-kingdom.
Algæ.	Class.
Cyanaphyceæ.	Sub-class.
Chroococcaceæ.	Order.
Nostaceæ.	"
Oscillariaceæ.	"
Rivulariaceæ.	"
Scytonemeæ.	"
Sirosiphoneæ.	"
Chlorophyceæ.	Sub-class.
Protococcoideæ.	Order.
Volvocineæ.	"
Hydrodictyeæ	"
Siphoneæ.	"
Confervoideæ.	"
Characeæ.	"
Phæophyceæ....	Sub-class.
Diatomaceæ.	Order.
Syngeneticæ.	"
Phæosporeæ.	"
Dictiotaceæ.	"
Fucaceæ.	"
Rhodophyceæ.	Sub-class.
Florideæ.	Order.
Fungi.	Class.
Myxomycetes.	Sub-class.
Schizomycetes.	"
Phycomycetes.	"
Zygomycetes.	Series.
Chytridiaceæ.	Order.
Mucorini.	"
Entomophthoraceæ. ...	"
Ustilagineæ.	"
Oomycetes.	Series.
Ancylisteæ.	Order.
Peronosporeæ.	"
Saprolegneæ.	"
Ascomycetes.	Sub-class.
Gymnoasceæ.	Order.
Pyrenomycetes.	"
Discomycetes.	"
Æcidiomycetes.	Sub-class.
Uredineæ.	Order.
Basidiomycetes.	Sub-class.
Tremellini....	Order.
Hymenomycetes.	"
Gasteromycetes.	"
Briophyta.	Sub-kingdom.
Hepaticeæ.	Class.
Musci...	"
Pteridophyta.	Sub-kindom.
Filicinæ.	Class.
Hymenophyllaceæ. ...	Order.
Cyatheaceæ.	"
Polypodiaceæ.	"
Gleicheniceæ.	"
Schizæaceæ.	"
Osmundaceæ.	"
Ophioglossaceæ.	"
Marattiaceæ	"
Salviniaceæ.	"
Marsileaceæ.	"
Equisetinæ.	Class.
Equisetaceæ.	Order.
Lycopodinæ.	Class.
Lycopodiaceæ.	Order.

Psilotaceæ....	,,
Selaginellaceæ.	,,
Spermaphyta (**Phanerogamia.**) ...	**Sub-kingdom.**
Gymnospirmæ....	Class.
Cycadaceæ.	Sub-class.
Coniferæ.	,,
Pinoideæ.	Order.
Abietineæ.	Family.
Araucarieæ.	,,
Cupressineæ.	,,
Taxoidineæ.	,,
Taxoideæ.	Order.
Taxineæ.	**Family.**
Podocarpeæ.	,,
Gnetaceæ.	Sub-class.
Angiospermæ....	Class.
Monocotyledons.	Sub-class.
Nudifloræ....	Order.
Petaloideæ...	,,
Dicotyledons....	Sub-class.
Monochlamydeæ.	Order.
Polypetalæ.	,,
Gamopetaceæ.	,,

ઓષધિ કોશ.



ભાગ ૧ લો.

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી.	મરાઠી.	હિંદી.	બંગાળી.	તામીલ.	કર્ણાટકી.	તેલુગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજી.	લાટિન.	ગુણ.	ઉપચારો.	વર્ગ.	કુદરતી વર્ગ.	ઉપયોગીભાગ.	વિશેષ હકીકત.	રીમાર્ક.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧	अभया. प्राणदा. अमृता. भिषक्प्रिया. अमोघा. मांसला. अलांबुवृत्ता. रोहिणी. अव्यथा. वयस्था. अविमती. विजया. कायस्था. शिवा. चेतकी. श्रेयसी. जया. सुधा. जीवनीया. सुवृत्ता. जीवंती. सूक्ष्मा. त्रिरेखा. स्वर्णगर्भिणी. पंचरसा. हर. नंदिनी. हरीतकी. पथ्या. हिमजा. पूतना. हैमवती. प्रमथ्या.	હરડે. ૧ હરડાં. ૨ હિમજ. ૩	હરતકી. હિરડા. બાળ હિરડા.	હર.	હરિતકિ.	કડુક્કય.	અળિલેયપ્રશલે.	કરક્કાય.	૧ હલિલે-ઇ-કાબુલ. ૨ હલિલે-ઇ-ચીની. ૩ હલિલે-ઇ-હિંદી.		Chebulic myrobalan.	Terminalia chebula, Roxb.	ઉષ્ણ. દીપન. રસાયન. વૃષ્ય. — શ્વાસ. કાસ. પ્રમેહ. અર્શ. કોઢ. સોઝા. કૃમિ. બંધકુશ. ગાંઠ. કમળો. વાતરોગ.	એરંડતૈલહરીતકી. ત્રિફલાઘૃત. ત્રિફલાદિક્વાથ. ત્રિફલાગુગ્ગુલુ. ત્રિફલાદ્યઘૃત. પથ્યાદિક્વાથ. પથ્યાદિગુગ્ગુલુ. પથ્યાદિલેપ. પથ્યાદિલેહ. પથ્યાદ્યચૂર્ણ. પથ્યાદ્યવલેહ. ભૃગુહરીતકી. સગુડાભયા. હરીતક્યાદિક્વાથ. હરીતક્યાદિવટી. હરીતક્યાદિચૂર્ણ. કાયસ્થાદિતૈલ. કાયસ્થાદિધૂપ.	હરીતક્યાદિ (આમલિક).	Combretaceæ.	ફળ.	આમાં ટાનીન, ગાલિક આસિડ, ચે. ઉમ છે. તેમાંથી ઉચ્ચિસિક આસિડ બને છે. તે બીજ રૂતુમાં થાય છે.	૭ ઋતુમાં ખાવાનો પ્રકારઃ— હેમંત-સુંઠ સાથે. વસંત-મધ. વર્ષા-સિંધવ. શિશિર-પીપર. ગ્રીષ્મ-ગોળ. શરદ-સાકર.
૨	अक्ष. कासघ्न. कर्षफल. बहेडक. कलिद्रुम. तोलफल. कलियुगालय. बिभीतक. कलिवास. भूतवास. संवर्तक.	બેડાં.	બેહેડા. હેળા.	બહેડ઼ા. બૈરાહ.	બહેરા.	તન્નિક્કય.	તારે.	પહ્લા.	બલેલ.	બલેલજ.	Belleric myrobalan.	T. Belleriea, Rox. Semicarpus anacardium, Lin.	ઉષ્ણ. કફઘ્ન. પિત્તહર. ભેદક. કૃમિઘ્ન. વાતહર. માદક. — કાસ. તૃષા. કુષ્ટી.	સ્નેહનીવટિકા.	”	”	”	આમાં ટાનીન વધારે છે. ચંદ્રપ્રકાશમાં થાય છે.	

૩	अमृतफल. तीष्या. अमृता. धात्री. आमलक. धात्रीफल आमलकी. वृत्तफला. तामलकी. वृष्यफला. तिष्यफला. शीतफला.	આંબળાં.	અવળા. આંવળે. આંવળી. અવળી.	આંવરાં. અંબુલા.	અમ્લકી.	તોપ્પિ	નેલ્લિ.	ઉસરકાય.	આમ્લજ.	આમ્લજ.	Emblic myrobalan.	Phyllanthus emblica. Lin.	વૃષ્ય. રસાયન. વાતહર. કફઘ્ન. — પ્રમેહ. રક્તપિત્ત. ત્રિદોષ.	અમૃતપ્રાશાવલેહ. આમલકાવલાલ. ચ્યવનપ્રાશાવલેહ. રસાયનચૂર્ણ. અગ્નિકાપાનક. ચતુરંગાવલેહ.	હરીતક્યાદિ (ભાવ.)	Euphorbiaceæ.	ફલ.	આમાં સાકરનો ભાગ વિશેષ છે. હિંદુસ્તાનમાં થાય છે.	નં. ૧–૨–૩ મળી ત્રિફલા (Trifructus) કહેવાય છે. ૧૪૧.
૪	उषण. विश्वभेषज. कटुभद्र. विश्वा. नागर. शुंठी. महौषध. शृंगवेर. विश्व.	સુંઠ.	સુંઠ.	સોંટ. સોઢ.	સોંટ.	શુક.	શુંઠિ.	શોંઠી.	અંજબિલ.	ઝંજાબિલ.	Ginger.	Zinziber officinale. Rose.	પાચક. કફઘ્ન. ઉષ્ણ. ગ્રાહી. — વાયુ. શ્વાસ. શળ.	ખંડશુંઠી. ત્રિકટુકાદ્યાવર્તિ. ત્રિકટુગુટિકા. ત્ર્યુષ્યણાદિગુગ્ગુલ. નાગરચૂર્ણ. વિશ્વાદિક્વાથ. વ્યોષાદિતૈલ. શુંઠીઘૃત. સૌભાગ્યશુંઠી. નાગરાદિતૈલ.	”	Scitamineæ.	મૂલ.	આમાંથી જિંજેરોલ નામે તત્ત્વ નીકળે છે. હિંદુસ્તાનમાં થાય છે.	સૂકું આદું. ૫.
૫	आर्द्रक. कटुभद्र. आर्द्रिका. शृंगवेर.	આદું	અલે.	અદ્રક.	આદા.	ઇંજિ.	અલ્લ.	અલ્લં.	જિંજિબિરતર.		”	”	”	આર્દ્રકખંડક. આર્દ્રિકાદિકલ્ક. શૃંગવેરાદ્યઘૃત.	”	”	”	”	લીલી સુંઠ. ૪.
૬	उपकुल्या. उषणा. कणा. मागधी. कृष्णा. मृदु. कोला. पिप्पलिका. चपला. पिप्पली. तीक्ष्णतंडुला. वल्ली. वला. वैदेही. नागवल्ली. शौंडी.	પીપર.	પિપ્પળી.	પિપરી પિપ્લી	પિપ્લી.	તિપ્પિલિ.	હિપ્પલી.	પિપ્પલુ.	પિલ્પિલદરાજ.	દારફિલ્ફિલ.	Long pepper.	Piper longum. Lin.	દીપન. વાતહર. કફઘ્ન. — શ્વાસ. જ્વર. પ્રમેહ. ગાંઠ. અર્શ. બરલ. શળ.	કણાદિક્વાથ. કણાપ્રયોગ. પિપ્પલી ક્વાથ. પિપ્પલ્યવલેહ. પિપ્પલ્યાદિગણ. પિપ્પલ્યાદ્યચૂર્ણ. બૃહતિપિપ્પલ્યાદિ- ગણ. કૃષ્ણાદ્યંજન. બૃહતિપિપ્પલ્યાદિ- ગણ.	”	Piperaceæ.	ફલ.	સીંગાપોર, બંગાલા અને જંગબારમાં થાય છે.	પીપરીમૂળનું ફલ. ૭

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી.	મરાઠી.	હિંદી.	બંગાલી.	તામીલ.	કર્ણાટકી.	તેલુગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજી.	લેટિન.	ગુણ.	ઉપચારો.	વર્ગ.	કુદરતી વર્ગ.	ઉપયોગીભાગ.	વિશેષ હકીકત.	રીમાર્ક.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૭	उषण. जटा. कटुग्रंथि. पिप्पलीमूल. कणामूल. मागध. कोलामूल. मागधी. ग्रंथिक. पट्टग्रंथि. चटकाशिर. सर्वग्रंथिक.	પીપળીમૂળ.	પિંપળીમૂળ.	પીપલામૂલ.	પિપ્લામૂલ.	તિપ્પલીમૂલમ.	હિપ્પલીબેરુ.	પિપ્પલીકટ્ટ.	ફિલફિલમોયા.	અસલુલફિલ્ફિલ.	Piper root.	Piper officinarum. Lin.	દીપન. ઉષ્ણ. પાચન. રૂક્ષ. પિત્તકર. વાતહર. — ગાંઠ. કૃમિ. શ્વાસ.	અગ્નિકાદિતૈલ.	દીપનીયાદિ (આમ.)	Combretaceae.	મૂળ.	સંગ્રહણી, ગોળા અને ૪૭ મસાલામાં વપરાય છે.	પીપર, સૂંઠ, નં. ૪-૬-૭-૮ મળી ચાતુરૂષણ: (Quadra calefaciens) કહેવાય.
૮	आपन. मरिच. उषण. यवनेष्ट. कृष्ण. वल्लिज. केवलद्रव्य. वल्ली. कोलक. विरोन्नन. दला. वृत्त. धर्मपत्तन. शिरोवृत्त. नागवल्ली. सितमरिच.	મરી. તીખાં.	મિરી. મિરે.	મિરચ.	ગોલમરિચ.	મિળાગુ.	મેણસુ.	મિરિયાલુ.	ફિલફિલેસ્યાહ.	ફિલ્ફિલેઅસ્વદ.	Black pepper.	Piper nigrum.	દીપન. રૂક્ષ. વાતહર. ઉષ્ણ. પિત્તકર. કૃમિઘ્ન. — શ્વાસ. શૂળ.	મરિચ પ્રયોગ. મરિચાદિકવાથ. મરિચાદિગુટી. મરિચાદિનસ્ય. મરિચાદ્યતૈલ. મહામરિચાદ્યતૈલ. લઘુમરિચાદિકવાથ. મહામરિચાદ્યતૈલ. લઘુમરિચાદિકવાથ.	,,	,,	ફળ.	આમાંથી તેલ તથા પિપેરીન નામે તત્ત્વ નીકળે છે. મલબાર અને સિંગાપોરમાં થાય છે.	નાની ને મોટી, કાળી ને ધોળી એમ બે જાત થાય છે. નં. ૪-૬-૮ મળી ત્રિકટુ (Tri-amara) છે.
૯	उच्छिष्ट. चवक. उषणा. चवण. कटुका. चविका. कटुपाकिनी. चव्य. कोलवल्लिका. दीर्घग्रंथि. कोलवल्ली. भसालु.	ચવક.	ચવક. મિરવેલીમૂળ.	ચવ.			ચવ્ય.	ચૈકારા.			Pepper stem.	Piper chaba. (Chavica Roxburghii.	,,	ચવ્યાદિકવાથ.	,,	,,	કાંડ.	૪૭ મસાલામાં.	

१०	कपिवल्ली. चव्यफला. कारिकणा. छिद्रवैदेही. कोलवल्ली. तैजसी. गजपिप्पली. दीर्घग्रंथि. गजकृष्णा. वर्तुली. गजोषणा. श्रेयसी. चव्यजा. स्थूलवैदेही.	ગજપીપર.	ગજપિંપળી.	ગજપીપરી.			ગજહિપ્લી.	પેદ્દાપિપ્પ.			Pepper fruit.	Scindaspus officinalis. Balanaphora indica. Plantago amplecaulis.	વતહર. કફઘ્ન. દીપન. ઉષ્ણ. કૃમિઘ્ન. — અતિસાર.		,,	,,	ફલ.	ચવકનું ફલ.	
११	अग्निवर्द्धिनी. तीक्ष्ण. उग्रगंधा. ब्रह्मदर्भा. दीपनी. यवसाव्हा. दीप्य. भूमिकदंबक. दीप्यक. यवानक. दीप्यका. यवानिका. दीप्या. यवानी. तीक्ष्णगंधा. हृद्या.	અજમો.	અજવાં. ઓવા.	અજવાંન.		ઓમાન.	ઓડ.	વામુ.	ક્રિનિયાર્. નાન્ખ્વાહ.	તાલિખ્–અલ–ખુબ્જ. કુમૂન–અલ–મુલિક.	Bishop's-weed.	Carum copticum. Benth.	પાચન. દીપન. પિત્તકર. વાતહર. કફઘ્ન. કૃમિઘ્ન. — શૂળ. ગોળો. બરલ.	યવાનિખાંડવચૂર્ણ. યવાન્યાદિક્વાથ. અજમાદિચૂર્ણ.	,,	Umbelliferae.	ફલ.	અજમાના ફૂલ પાણીમાંથી મળતાં આવે છે તેમાંથી તેલ બને છે. મારવાડમાં બહુ થાય છે.	જુઓ નં. ૫૮૧
१२	अग्नि. पाठी. अग्निक. पाली. अग्निमाली. पावक. अतिदीप्य. पीठ. अनलनाशी. महांग. उपण. मार्जार. काल. रक्तचित्र. कालमूल. रुद्राव्हे. कुट. वह्नि गुणाढ्य. वह्निनामा.	ચિત્રો.	ચિત્રક.	ચિતા.	ચિતા.	ચિત્રિતા.	ચિત્રમૂલ.	ચિત્રમૂલમુ.	ચેખ્યરદા. સિંહાદિયુન. સિંહાદિયુન.	શીતરજ.		Plumbago zeylanica. Lin. ,, rosea.	દીપન. પાચન. ઉષ્ણ. સ્તંભન. વાતહર. કૃમિઘ્ન. કફઘ્ન. પિત્તહર. — અતિસાર. કોઢ. સોજો. અર્શ. ઉદરરોગ.	ચિત્રકાદિચૂર્ણ. ચિત્રકાદિવટિકા. ષડ્ધરણયોગ. ચિત્રકાદિવિરેચન.	હરીતક્યાદિ. (ભાવ.)	Plumbagineae.	મૂળ.	આમાંથી પ્લંબેજિન નામે તત્ત્વ નીકળે છે. હિંદુસ્તાન આખામાં થાય છે.	નં.૪-૬-૭-૮-૧૨ મળીને પંચકોલ (Pentapiperis) કહે છે; અને તેમાંજ નં. ૮ મળવાથી ષડ્ષણ (Hexa calificiens) કહેવાય છે.

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી.	મરાઠી.	હિંદી.	બંગાળી.	તામીલ.	કર્ણાટકી.	તેલુગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજી.	લાટિન.	ગુણ.	ઉપચારો.	વર્ગ.	કુદરતી વર્ગ.	ઉપયોગીભાગ.	વિશેષ હકીકત.	રીમાર્ક.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
	गुल्मक. लेहितांग. चित्रक. वल्लरी. चित्रांग. वृत्तपत्र. ज्योतिष्क. व्याल. दहन. शिखि. दारुण. हविष. पाची. हुतभुक्. पाठिन.																		
૧૩	अजमोदा. वस्तमोदा. उग्रगंधा. ब्रह्मकुशा. कारवी. ब्रह्मकोशा. काखोली. मयूर. खराव्हा. मर्कटा. दीप्यक. लोचमस्तक. दीप्या. वल्ली. समस्तका. हृद्यगंधा. हस्तिमयूरका.	૧ બોડીઅજમોદ. ૩ દીવેલીકરમાણી. ૨ અજમૂદ. ૩ ફુચારીઅજમોદ.	૧ બડીઅજમોદ. ૩ કિરમાણીઓવા. ૨ કેરોંઝા.	૧ બોડીઅજમૂદ. ૨ અજમૂદ. ૧ બોડીઓજવાન. ૩ ખુરાસાનીઅજવાન.	૨ રાનધાની.	૨ અશમતગમ.	૧ અજમોદા.	૧ આજમોંદા.	૧ કરપસ. ૩ તુખ્મકરપસ.	૧ સપની. નની. તરી.	૧ Wild celery. ૨ Garnish.	૧ Apium graveolens. Lin. Artemisia maritima. Lin. ૨ "—involucritum. Rox.	દીપન. કફઘ્ન. વાતહર. ઉષ્ણ. ઉલટી. શૂળ. ૩વાતહર.	અજમોદાદિ. અજમોદાદિચૂર્ણ.	૨	૧/૨ Umbelliferæ. ૩ Compositeæ.	૧/૨ ફળ. ૩ પુષ્પમસ્તક.	આમાંથી એપીન અને ઓપિઓલ નામનાં તત્વો નીકળે છે.	

१४	अजगंधा. अजगंधिका. करभ. कुबेराख्य. क्रमिघ्ना. खरपुष्पा. गंधा.	जंतुविनाशक. पारसीकयवानी. बर्हि. बर्हिण. यावनी. सुगंधा.	ખુરાસાનીઅજમા.	ખુરાસાનીઓવા.	ખુરાસાણીઅજવાન.		ખોરાસાનીઓમમ. કિરમૂઈ.		ખુરસાણીઓમ.	બંગ.	બન્જ. શેકરાન.	Henbane.	* Hyoscyamus niger. Lin. + ,, albus. ,,	પાચન. શોષક. સ્તંભક. માદક.		હરીતક્યાદિ (ભાવ.).	Solanaceae.	બીજ.	આમાંથી હાયોસાયેમાઇન નીકળે છે. ઇરાનથી આવે છે.	* કાળા. + ધોળા.
१५	अजाजी. कणजीरक. कणा. कणाख्याता. क्षेत्रज. जरण. जीर. जीरक. दीर्घक.	दीर्घबीज. शाखसख. शीतकण. शुक्लजीर. शुक्लाजाजी. शुभ्रजीर. श्वेत. सिताजाजी. सुगंधिक.	ધોળું જીરૂં.	પાંઢરે જીરે.	जीरा.	જીરા.	શિરગામ.	બિલિયજીરિગે.		જીરા.	કમૂન.	Cummin.	Cuminum cyminum. Lin.	દીપન. સ્તંભન. પિત્તકર. જ્વરઘ્ન. કફઘ્ન. વાતહર. / ગોળો. ઉલટી. અતિસાર.	જીરકપાક. જીરકાદ્યતૈલ. પંચજીરકપાક. અગ્નજ્વાદિલેપ.	,,	Umbelliferae.	ફલ.	આમાં મોટેટો ભાગ વધુ છે તથા ક્યુમિનોલ બને છે. અજમેર, રતલામ તે મસ્કતમાં બહુ થાય છે.	
१६	उद्गारशोधन. उद्गारशोधनी. कालजीरक. कृष्णजीर. कृष्णाजाजी.	जरणा. वर्षाकाली. सुगंध. सुगंधा. हृद्या.	શાહજીરૂં.	કાળેજીરે.	કાલાજીરા. મુંગ્રેલા.		કારૂં શિરગામ.	કરિજીરિગે.		સિયાહદાનાહ. શુનિઝ.	કમૂનેકિરમાની.	Black cummin.	Carum nigrum.	,,		,,	,,	,,	ઇરાનથી આવે છે તે તે [illegible] કરતાં શાખમાં [illegible] થાય છે.	
१७	अरण्यजीर. कणा. काला. क्षुद्रपत्र.	तिक्तजीरक. बृहत्पाली. भेषज. वनजीर.	કાળીજીરી.	કડુજીરે.	કાલેજીરે.	કાલીજીરી.	કાટું શિરગામ.				કમૂનબરી. કમૂનહિંદી.	Purple fleabane.	Vernonia anthelmintica.	કૃમિઘ્ન. / જ્વર.	નવીનસુદર્શનચૂર્ણ.	,,	Compositae.	,,	હિંદુસ્તાનને પશ્ચિમ કિનારે થાય છે. શિયાળામાં મળે છે.	

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી.	મરાઠી.	હિંદી.	બંગાલી.	તામીલ.	કર્ણાટકી.	તેલુગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજી.	લાટિન.	ગુણ.	ઉપચારો.	વર્ગ.	કુદરતી વર્ગ.	ઉપયોગીભાગ	વિશેષ હકીકત.	રીમાર્ક.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૧૮	उद्गारशोधनी. कुंचिका. उपकुंचिका. कुंची. उपकुंची. कृष्णा. उपकालिका. जरणा. कारवी. जीरका. कारुण्या. नीलकणा. कालमेषी. नीला. कालाजाजी. पटुभेदिनी. कालिका. पृथ्विका. काली. पृथ्वी. काश्मीर. पृथुकृष्णा. बृजजीरक. बहुगंधा. मेदिनी. सुगंधा. वर्षा. सुषवी. वांति. स्थूलजीरक. शोधिनी. हृद्या.	કલૌંજીજીરૂં.	કલૌંજીજીરેં.	કલૌંજી. મુગરેલા.			કરિદોડ્ડ. જીરગે.	નલ્લજીલકારા.		હબ્બતુસ્-સૌદા.	Fennel flower.	Nigella sativa.	(નંબર ૧૫ ના જીરાના ગુણો છે.)		હરીતક્યાદિ (ભાવ.)	Ranunculaceæ.	બીજ.	આમાંથી મેલાંથિન નીકળે છે, તે કલકત્તા, બસરા, અને કાબુલથી આવે છે.	વરિયાળીનું બીજ. ૨૧.
૧૯	अल्लक. छिल्लिधान्य. कस्तुवरी. जनप्रिय. कुनटी. धेनुका. कुस्तुंबर. निःसार. कुस्तुंबरु. भवा. क्षेत्रजा. रसन. छत्रा. वितुन्नक. छत्रिका. महाराष्ट्रप्रियंकर. धना. वेधन. धाना.	ધાણા (ફળ). કોથમીર (છોડ).	ધણા. ધના. ધાના. ધણે.	ધાન્ય. ધનિયા.		કોટમલ્લિ		ધનિયાલુ.	તુખ્મેકશ્નિઝ્.	કઝ્બુરા.	ગ્રીક-કોરિયુન. Coriander seeds.	Coriandrum sativum. Lin.	સ્નિગ્ધ. વીર્યકર. મૂત્રલ. ઉષ્ણ. દીપન. પાચન. સ્તંભન. — જ્વર. ત્રિદોષ. તૃષા. દાહ.	ધાન્યાક ક્વાથ. ધાન્યાક હિમ. ધાન્યાદિ ચતુષ્ક-ક્વાથ. ધાન્યાદિ પંચક-ક્વાથ. ધન્યાદિ પાન.	,,	Umbelliferæ.	ફળ.	આમાંથી તેલ બને છે. ભરતખંડમાં સઘળે બને છે.	

	धानी. शाकयोग्य. धानेयक. श्वेतपुष्पा. धनिका सुगंधा. धान्या. सुगंधि धान्याक. सूक्ष्मपत्र. धानक. सूक्ष्मपत्रका. धान्य. हृद्यगंधा. धान्यक.
	સ્તન. શ્રમ. દાહ. કૃમિ.
૨૦	अतिछत्रका. वनजा. अतिलंबी. वनभवा. अवाक्छत्रा. वन्या. अवाक्पुष्पी. वज्रपुष्पी. कारवी. शतपत्रिका. घोषा. शतपुष्पा. क्षेत्रविल्या- शतप्रसूना. ता. शताव्हा. छत्रा. शालिन. छत्रिका. शालेय. दीपनोक्ता. शिफा. पीतपुष्पा. शोफका. पीताव्हा. संघातपत्रि- प्रसिद्धा. का. मधुरा. संहिता. माधवी. सितच्छत्रा. मिसि. सुपुष्पिका. मिशि. सूक्ष्मपत्रा. बहला.
	સુવા.
	શેપુ. શોફા.
	સોવા. સોયા.
	શોવિકિરાહવિરાઈ. શતકુપ્પિવિરાહ.
	સબ્બસિગે.
	સદાપા.
	શત. શદ.
	શિબ્બત. શિબ્બત.
	ગ્રીક-અનિતુન. Dill.
	Anethum graveolens. Lin.
	પિત્તહર. દીપન. રૂચ્ય. વાતહર. કફઘ્ન. | ત્વચ્ય. શૂળ.
	શતાહ્વાદિતૈલ.
	૮
	Umbelliferea.
	ફૂલ.
	આમાંથી તેલ તથા અનીથીન બને છે. દક્ષિણમાં થાય છે.

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી.	મરાઠી.	હિંદી.	બંગાળી.	તામીલ.	કર્ણાટકી.	તેલુગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજી.	લૅટિન.	ગુણ.	ઉપયોગો.	[illegible]	કુદરતી વર્ગ.	ઉપયોગીભાગ.	વિશેષ હકીકત.	શેરો.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨૧	कटुका. छत्रा. कृमिघ्नी. तापसप्रिया. अग्निदीपनी. तृष्णाहरा. गंधा. मधुरा. गांधिका. मधुरिका. गर्भप्रदासरा. मधुरी. घोषवती. माधुरी. मिशि. शालेय. मिश्रेया. शितशिवा. मिसि. सुगंधा. बृहयाली. सिता. शाली. सुरसा. शालीनी.	૧ વરીઆળી. ૨ વિલાયતી વરિયાળી.	૧ બડીશેપ. ૨ ઍનાસીસ.	૧ } ૨ } સૌંફ.	૧ પાન્મોહુરિ.	૧ પેરુ શિરગમ્.	૧ કાસંબ્બસિગે.	૧ સોંફ.	૧ બાદિયાન.	રાજ્યાનજ. અનસુન.	Fennel seeds. Anise.	Fœniculum vulgare. Gart. Pimpenella anisum. Lin.	:		:	:	૧ ફળ.	૧. આમાંથી તેલ નીકળે છે ને ઍનીથોલ બને છે. જળ લપોર, કપડવંજ, ખાનદેશમાં થાય છે. ૨. આમાંથી પણ ઍનીથોલ નીકળે છે. ઇરાનથી આવે છે ને તેલ બને છે.	
૨૨	अश्वबला. बहुबीजा. कुंचिका. बोधिनी. कैरवी. मंथा. ज्योति. मिश्रपुष्पा. गंधफला. मेथिका. चक्रका. मेथिनी. दीपनी. मेथी. पीतबीजा. वल्लरी. पथ्यका. वेधिनी. बहुपत्रिका. वेधि. बहुपर्णी. शाकशालेनी. सारवद्धका.	મેથી.	મેથી.	મેથી.	મેથી.	વેંદાયમ્.		મેંતુલુ.	શમ્બીત.	હુલ્બાહ.	Fenugreek.	Trigonella Fœnum-Græcum. Lin.	વાતહર. કફહર. / જ્વર.	મેથીમોદક.	:	Leguminoceæ.	બીજ.	આમાં રાતીનનો ભાગ વધુ છે. કરાંચીથી આવે છે. દખણ ને ગુજરાતમાંથી આવે છે.	

२३	आहिल्या. शेलुका. तिक्तशाका. शैलमेथिका. वासिका. स्वर्णपुष्पी. धनभवा.	ગદળ.	રાનમેથી.	ગુડુરુ.								Melilotus sp.	:		:	:	:	જંગલી મેથી. ઘોડાની દવામાં વપરાય છે.	
२४	आशालिके. आहिलिम. कारवी. चंद्रिका. कालमेषी. चर्महंत्री. नंदिनी. रक्तराजी. हरकृष्णा. रक्तबीज. दीर्घबीज. वासपुष्पा. पशुमेहनकारिका. सिद्धप्रयोजना. भद्रा. सुवासरा.	અશેળિયો.	અસાલિયા. અહળીવ.	હુરૈ. હલીમ.						હબ્બ-અલ્-રશાદ.	Common cress.	Lepidium-setivum. Lin.	વાતહર. કફઘ્ન. શોધક. — અતિસાર.		:	Cruciferea.	ગુંદર.	ફળિનમાંથી આવે છે.	નં. ૧૧-૧૭-૨૨-૨૪, આ ચારને **ચતુર્બીજ** કહે છે.
२५	अगूढगंध. बाल्हिक. अत्युग्र. बाल्हीक. करवी. मूलकाम. कर्वरी. रक्षोघ्न. कारवृक्ष. रामठ. जतुक. सहस्रवेधी. जरण. सूपधूपन. तृटिवत्. हिंगु. पृथुस्कंधा. हिंगुपात्रिका. फलंतिक.	હિંગ. વઘારણી.	હિંગુ. હિંગ.	હીંગ.		કયમ્. પેરુગયમ્.	લેસુ.	ઇંગુ.	અંજુદાન.	હિલીટ. હિલતીત.	Assafœtida.	1 Ferula alliaca. Boice. 2 ,,—Narthex.	ઉષ્ણ. પાચન. વાતહર. કફઘ્ન. — શૂળ. કૃમિ.	હિંગ્વષ્ટક. હિંગ્વાદિચૂર્ણ. હિંગ્વાદ્યચૂર્ણ.	:	Umbelliferea.	ગુંદર.	આમાંથી તેલ નીકળે છે. ટર્કી તથા ઇરાનની મેરથી આવે છે.	૧ હીંગ. ૨ હીંગડો.

नंबर.	संस्कृत नामो.	गुजराती.	मराठी.	हिंदी.	बंगाली.	तामील.	कर्णाटकी.	तेलगु.	फारसी.	अरबी.	अंग्रेजी.	लॅटिन.	गुण.	उपचारो.	वर्ग.	कुदरती वर्ग.	उपयोगी भाग.	विशेष हकीकत.	रीमार्क.
१	२	३	४	५	६	७	८	९	१०	११	१२	१३	१४	१५	१६	१७	१८	१९	२०
२६	अनूपैबुगा. जटिला. अपुष्पफालिका. जलजा तन्वी इक्षुपत्रा. तीक्ष्णपत्रा. इक्षुपत्रिका. पृथु इक्षुपर्णी. बोधनीया. उग्रगंधा. भूतनाशिनी. उग्रा. भूचालु. क्षुद्रपत्री. मंगल्या. गोलोमी. शतपर्वा. मध्यक्ष्यापर्वणी. शतपर्विका रक्षोघ्नी. षड्ग्रंथा. रोमशा. स्मारणी. वचा. विजया.	ઘોડાવજ	વેખંડ.	બચા. બચ.	બચ.			વસા.		ઉદુલવુજ.	Sweet Flagroot.	Acorus calamus. Lin.	શોધક. દીપન. વામક. કફઘ્ન. વાતહર. કૃમિઘ્ન. ગરમ. આફરો.	સારસ્વત ઘૃત. સારસ્વત ચૂર્ણ.	હરીતક્યાદિ (ભાવ.)	Aroidae.	મૂળ.	આમાંથી એકોરિન બને છે. તથા તેલ નીકળે છે. ઉત્તર હિંદુસ્તાનમાં થાય છે.	
२७	कार्षिणी. पारसीकवचा. दीर्घपत्रा. शतपर्वा. मोगवती. श्वेता. मेध्या. शुक्ला. हैमवती.	ખોરાસાનીવજ. દુરીયાવજ. ખુરસાનીવજ.	,,	,,	,,			,,		,,	,,	,,	,,		,,	,,	,,	ખુરસાનીવજ છે.	
२८	उग्रगंधा. तीक्ष्णमूल. कुलंजन. महाकुलंजन. कुलंज. महाभरीवचा. गंधमूल. सुगंधा.	પાનની જડ.	કોળિંજન.	પાનકીજડ. મહાભરીવચ.	પાનકીજડ.	શિતારત્તાઇ.			ખુસરૂદારૂ.	ખુલંજાન.	Galangal.	Alpinia officinarum. Hans. A. galanga.	કફહર. ઉષ્ણરસ.		,,	Scitamineæ.	,,	ચીનમાં થાય છે. ને તેમાંથી આલ્પિનિન્ નીકળે છે.	

२९	अश्वगंधा. औषधि. चोपचीनी.	अमृतोपमहिता. द्वीपांतरवचा.	ચોપચીની.	ચોપચીની. ચોબચીની.	ચોપચીની.	ચોપચીની.	પરિંગિચક્ક.		ફિરંગીચક્કા.	ચુબચીની. [illegible]	ખશબુસ્સીની.	China root.	Smilax China. Lin.	શોધક. ઉષ્ણ. દીપન. વાતહર. —— ગુણ. આગરો.	ચોપચીનીપાક. અમૃતયોગ ચૂર્ણ.	,,	Liliaceæ.	,,	ચીન તથા સીંગાપોરથી આવે છે.	ન. ૨૬-૨૭-૨૮-અને ૨૯-[illegible] છે.
३०	पुष्पवस्ता. वपुषा. विगंधिका. विश्रगंधा.	विश्रा. हपुषा. हौहवेर.	પલાશી. ઢાક.	પલાશલતા. [illegible]	[illegible]			[illegible]					Butea superba Rox.	દીપન. પિત્તકર. વાતહર. —— અર્શ. [illegible]	[illegible] ચૂર્ણ.	,,	Leguminoceæ.	મૂળ.	[illegible] છે.	
३१	अपराजिता. अश्वत्थफला. प्लीहघ्नी. मत्स्यगंधा. विषघ्नी.	ध्वांक्षनाशिनी. ध्वांक्षनासिका. शूलहंत्री. स्वल्पफला.	,,	[illegible]	,,			,,					Thevetia neriifolia.	સ્ફોટક. વિષ.		,,	Apocynaceæ.	,,	[illegible] છે.	
३२	अग्निवक्त्र. अमोघा. करालका. कापाली. कृमिघ्न. कृमिघ्ना. कृमिघ्नी. कृमिहंत्री. कृमिहा. कृष्णतंडुला. कैरला.	चित्रबीजा. गव्हर. जंतुनाशन. जंतुघ्नी. जंतुहंत्री. तंडुला. पुष्पोतुपुप्पक. मरिचाभफल. मृगगामिनी.	વાવડિંગ. વાયવિડંગ.	વાવડિંગ. બાયબિડંગ.	વાવડિંગ. વાયુવિડંગ.	વાવડિંગ.	વાયુવિડંગમ્.	વાયુવિડંગ.	વાયુવિડંગમ્.	બિરંગ કાબુલી. બિરંગ કાબુલી.			Embelia ribes. Berm.	ઉષ્ણ. દીપન. કફઘ્ન. કૃમિઘ્ન. વાતહર. —— ગુણ. આફરો. [illegible] [illegible]	વાતારિરસ. વિડંગાદિચૂર્ણ. વિડંગાદિ ગુટી.	,,	Myrsinaceæ.	ફળ.	[illegible] ડુંગરોમાં પુષ્કળ થાય છે.	

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી.	મરાઠી.	હિંદી.	બંગાલી.	તામીલ.	કર્ણાટકી.	તેલગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજી.	લૅટિન.	ગુણ.	ઉપચારો.	વર્ગ.	કુદરતી વર્ગ.	ઉપયોગીભાગ.	વિશેષ હકીકત.	રીમાર્ક.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
	क्षुद्रतंडुला. घातारि. गुच्छमंजरी. वायुभृंग. घोषा. विडंग. चित्रतंडुला. विडंगा. वेल्ल.																		
૩૩	अनुज्ञ. तुंबरु. अंधक. वनज. तीक्ष्णपत्र. सौरभ. तीक्ष्णफल. सानुज. तीक्ष्णवल्क. सौर. महामुनि.	તુંબરુ.	તિરફળ. ચિરફળ.					દેસીનીમ.				Xanthoxylum Rhetsa. D. C.	ઉષ્ણ. દીપન. રૂક્ષ. વાતહર. કૃમિઘ્ન. ——— શૂળ. શ્વાસ. પ્લીહ.		„	Rutaceae.	„	આમાંથી તેલ નીકળે છે.	
૩૪	कार्मरी. वंशक्षीरी. कौमारी. वंशजा. क्षीरी. वंशरोचना. तुगा. वंशलोचना. तुंगा. वांशी. त्वक्क्षीरी. वंशशर्करा. त्वक्सारा. वैष्णवी. पिंगा. शुभा. रोचनिका. शुभ्रा. वंशकर्पूरका. श्वेता.	વંશલોચન. વાંસકપૂર.	વંશલોચન. વેળુ.	વંશલોચન. બાંસલોચન.	બાંસકપૂર.	મુંગીલુપ્પુ.	વંશરોચના.	વંશલોચના.	તબાશીર.	તબાશીર.	Tabashir. The Siliceous concretion.	Bambusa arundinacea. Retz.	વૃષ્ય. વાજિકર. શીતલ. પિત્તહર. રક્તશોધક. વાતહર. ——— જ્વર. શ્વાસ. રૂધિરસ. તૃષા. ક્ષય. કમળો. કોઢ. પાંડુ.	સિતોપલાદિચૂર્ણ.	„	Gramineae.	ચકમક જેવો પદાર્થ.	વાંસમાંથી નીકળે છે. તેમાં ચકમક અને પોટાશનો ભાગ છે. સિંગાપોરથી આવે છે.	જુઓ નંબર ૨૨૧ તથા ૫૫૫.

૧૬૮૩

३५	अधिकफ. शुष्क. उदधिफेन. शुष्का. डिंडिरक. समुद्रफेन. पयोधिज. सागरजमल. फेन.	સમુદ્રશીણ.	સમુદ્રફેણ.	સમુદ્રફેન.			કડલનાગલે.	સામુદ્રનાલિકે.	કંકદરિયાલ.	જુબ્બદુલ્લીહિર.	Cuttle fish bone.	Sepia officinalis.	નેત્ર્ય. [ક. અનુલોમ- શીત. વિષારિ. પિત્તહર. કફઘ્ન. — કર્ણરોગ.		,,	પ્રાણિજ.	અસ્થિ.	સમુદ્રમાં કટલફિશ નામે માછલી થાય છે તેનાં હાડકાં છે.
३६	क्लीतक. यष्टिमधुक. यष्टिमधु.	જેઠીમધ.	જેષ્ટિમધ.	જેઠીમધ.		અતિમદુરમ્.	યષ્ટિમધુ.	યષ્ટિમધુકમુ.	મેહક. મઝુ.	રસ્.	Liquorice root.	Glycyrrhiza glabra. Lin.	શીતલ. વૃષ્ય. પિત્તહર. વાતહર. — વ્રણ. કોઢ. સોજો.	શતપાકમધુકતૈલ. યષ્ટિમધુવટી.	,,	Leguminoceæ,	મૂળ.	આમાં ગ્લીસર્હીઝીન હોય છે. ઇરાન તથા કરાંચીમાં થાય છે.
३७	मधूलिका.	જળજેઠીમધ.	,,	,,		,,	,,	,,	,,	,,	,,	,,	,,		,,	,,	,,	,,
३८	कांपिल्ल. रक्तांग. कर्कश. रोचन. चंद्र.	કપીલો.	કપીલા. કમીલા. કપીતા.	કમાલ.	કમિલા.	કમેલામનું.	કપિલક.		કંપિલા.	કિન્બિલ.	Kamala.	Mellotus philippensis. Rotlerra. tinctoria.	રેચક. ઉષ્ણ. કફઘ્ન. પિત્તહર. શોધક. કૃમિઘ્ન — ગોળો. પ્રમેહ. વિષ. પથરી.		,,	Euphorbiaceæ.	મૂળ.	વાયવ્યપ્રાંતો, કોંકણ ને મદ્રાસમાં થાય છે.

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી	મરાઠી.	હિંદી.	બંગાલી.	તામીલ.	કર્ણાટકી.	તેલુગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજ.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૩૯	आरग्वध. राजवृक्ष. आरवेत. व्याधिघात. कर्णिकार. शम्याक. कृतमाल. सुवर्णक. चतुरंगुल. स्वर्णभूषण. दीर्घमाल. स्वर्णाग. राजतरु.	ગરમાળો.	બાવઇ. બાહવા.	અમલતાસ. ધનવાહેરા.	સોંધલિ.	કોન્નિકકઇ.	કિગ્ગકે.	રેલાકાયા.	ખિયરચંબર.	ખિયરશંબર.	Cassia.
૪૦	अशोका. चक्रांगी. कटी. तिक्ता. कटुका. मत्स्यपित्ता. कटुंभरा. मत्स्यशकला. कटुरोहिणी. रोहिणी. कांडरुहा. शकुलादनी. कृष्णभेदा.	કડુ.	કાળીકુટકી.	કુટકી.	કુરૂ.	કડુકરોગિની.	કેદારકટુકી.	કાટકરોહિણી.	ખર્બકેસિયાહ.	ખર્બકેઅસિવદ. ખર્બકેઅસ્વદ.	Hellebore. (Indian.)
૪૧	कटुतिक्त. किरातक. किराततिक्त. नैपाल. कांडातिक्त. भूर्निब. कैरात. रामसेनक. नार्यातिक्त.	કરિયાતું.	કિરાઇત. ચિરાઇત.	ચિરાયતા.	ચિરેતા.	શિરન્કુચ્ચિ.	નેલબેવુ.	નેલાનિમુ.	નૈનિહાદ.	કસબહુદરીરા.	Chirata.

નંબર.	લાટિન.	ગુણ.	ઉપયોગ.	વર્ગ.	કુદરતી વર્ગ.	ઉપયોગીભાગ.	વિશેષ હકીકત.	રીમાર્ક.
૧	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૩૯	Cassia fistula. Lin.	શીત. અનુલોમક. પિત્તહર. શોધક. વાતહર. — શળ. જ્વર.	આરગ્વધ પત્ર. આરગ્વધાદિ ક્વાથ. કૃતમાલાદિ કલ્ક.	,,	Leguminoceæ.	ફલ. (ગોળ.)	સાકર, ગુંદર, ગ્લુટેન વગેરે તેમાં છે.	
૪૦	Picrorrhiza. Kurroa.	શીતળ. ભેદક. દીપન. રુક્ષ. પિત્તહર. શોધક. કૃમિઘ્ન. — જ્વર. શ્વાસ. ઉધરસ.	કટુરોહિણ્યવલેહ. કટુકીકલ્ક. તિક્તાદિ ક્વાથ.	,,	Scrofulariaceæ.	મૂલ.	કુમાઓનમાં થાય છે.	
૪૧	Swertia chirata. Ophelia chirata.	ગ્રાહક. શીતલ. રુક્ષ. પિત્તહર. રક્તશોધક. — જ્વર. દાહ. ઉધરસ. સોજો. કૃમિ.	કિરાતતિક્તાદિ કલ્ક. કિરાતાદિ ચૂર્ણ. ભુનિંબાદિ ક્વાથ. ભુનિંબાદિઘૃત. સુદર્શન ચૂર્ણ.	,,	Gentianaceæ.	છોડ.	ઓકેલિક આસિડ તથા ચિરેટીન નીકળે છે. નેપાલમાં બહુ થાય છે.બધે થાય છે.	

४२	नैपालक.	નેપાળી કરિયાતું.											,,		,,	,,	,,	
४३	इंद्रयव. कटुजबीज. कलिंग. कालिंग. भद्रयव. यव. शक्रयव.	१ ઇંદ્રજવ. २ કડો.	१ ઇંદ્રજવ. १ ઇંદ્રજંવ. २ કુડા.	१ ઇંદ્રજવ. २ કુરૈયા.	१ ઇંદરજવ.	१ કુરૂપલાબ્રિસાહ	१ } २ } કોડસિગેય.	१ કોડિસેપાલુ. २ અંકુડુ. २ ચ ગલકુડુ.	१ ક્પાલૈ ગુન્મિપ્પેંઢાલ્ક	१ લિસાનુલ્અસ્ફિરહ્લમરે. २ તિવાજ	२ oval-leaved Rose Bay. १ Bitter sparrow's tongue.	१ Holarrhena antidysenterica. २ writia antidysenterica.	સ્તંભક. રક્તશોધક. વામક. દીપન. અતિસાર. —— જ્વર. અર્શ. રતવા. કોઢ.	કલિંગ ક્વાથ. કુટજક્ષીર. કુટજદાડિમક્વાથ. કુટજ પુટપાક. કુટજાદિ ક્વાથ. કુટજાવલેહ. કુટજાષ્ટકાવલેહ. વત્સકાદિ ક્વાથ.	,,	Apocynaceae.	બીજ.	આના ઝાડને ગુજરાતીમાં 'કડો' કહે છે. તેની ફળીનું અથાણું થાય છે.
४४	कालिंगयव.	મીઠા ઇંદ્રજવ. ધોળા ઇંદ્રજવ.	પાંઢરાકુડા.									Writia tinctoria.	,,		,,	,,	,,	
४५	करहाट. छर्दन. पिंडीतक. पिंडीनट. राठ. मदन. मरुबक. विषपुष्पक. शल्यक. धाराफल.	મીંઢોળ.	ગેળ. ગેળી.	મેંનફળ.	મેનફલ.	મરફક્ષીન્કય.	મોનગરે રાગય. મોનગરે અરન્ડ.			જોઝલ્કય.		Randia dumetorum.	ઉષ્ણ. વામક. કફઘ્ન. કોઢ. શ્લેષ્મ. સોઝો.	મદનફલાદિવર્ત્તિ.	,,	Rubiaceæ.	ફલ.	
४६	एलावर्णी. युक्तरसा. रसा. रसना. रस्या. रास्ना. श्रेयसी. सुगंधा. सुरसा. सुवहा.	રાસના.	રાસ્ના. રાન્ઝા.	રાસ્ના.	રાસ્ના.		રાસ્નાકેદારે.	રાસ્નાપુષ્પકા.	રાસુન.	જંજબિલશામી.		Vanda Roxburghii.	પાચક. ઉષ્ણ. કફઘ્ન. વાતહર. શોધક. —— શ્વાસ. શૂળ.	રાસ્નાગુગ્ગુલ. રાસ્નાદશમૂલક્વાથ. રાસ્નાદિક્વાથ. રાસ્નાપંચક ,, રાસ્નાસપ્તક ,, મધ્યમરાસ્નાદિ ક્વાથ. મહારાસ્નાદિ ક્વાથ.	,,	Orchidaceae.	મૂળ.	

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી.	મરાઠી.	હિંદી.	બંગાલી.	તામીલ.	મલ્યાળમ.	તેલુગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજી.	લાટિન.	ગુણ.	ઉપચારો.	વર્ગ.	કુદરતી વર્ગ.	ઉપયોગીભાગ.	વિશેષ હકીકત.	રીમાર્ક.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૪૭	गंधनाकुली. भुजंगाक्षि. नकुलेष्टा. विषनाशिनी. नाकुली. सरसा. नागसुगंधी. सर्पांगी. सर्पगंधा. ईश्वरी.	નોરવેલ. સાપકંદ.	મુગુસવેલ. સાપસંદ.	નાકુલી. ચંદ્રભાગા.	ચંદ્રા.		ચિવનઅમલપોરી.	પાતાળગંધી.	છોટાચાંદ.			Rauwolfia serpentina.	ઉષ્ણ. વિષાદિ. — [illegible] કફ. કૃમિ.		,,	Apocynaceae.	મૂળ.	સર્પ, વીંછી, ઉંદર વગેરે-ના ઝેર પર ઠીક છે. રાસ્નાનો ભેદ છે.	
૪૮	अंबष्टा. बालमूलिका. अंबालिका. मयूरविदला. अंबिका. माचिका. केशी. सहस्रा. प्राचिका.	નાળીપીળુડી. ભીંડી.	અંબાડી.								Brown Hemp.	Hibiscus cannabis.	શીતળ. પિત્તહર. શોધક. કફઘ્ન. — અતિસાર.		,,	Malvaceae.	ફૂલ.		
૪૯	तेजनी. तेजस्विनी. तेजवती. तेजोह्वा. तेजयलकल.	તેજબળ.	તેજબલ. તેજબળ. ચિરફળ. ત્રિફળ.	દરમરી.				લીરૂમાનીમ.			Tooth-ache Tree.	Xanthoxylon alatum. Roxb.	પાચન. ઉષ્ણ. દીપન. કફઘ્ન. વાતહર. — શ્વાસ. ઉધરસ. મુખરોગ.		,,	Rutaceae.	,,		
૫૦	ककुंदनी. पण्या. कटभी. पारावतपदी. कंगनी. मालकांगुनी. ज्योतिष्का. लता. ज्योतिष्मति. पीततैला.	માલકાંકણી.	કાંગોણી. માલકાંગોણી. કંગુ.	માલકંગની.		વાલુલુવાઇ. અતિપરિચયમ.	કૈઝોલ્ડ.	બાવજી.	કાલ.		Staffuru.	Celastrus paniculata.	સારક. કફઘ્ન. વાતહર. ઉષ્ણ. દીપન.		,,	Celastrineae.	બીજ.	આમાંથી તેલ નીકળે છે.	

५१	उत्पल. वाप्य. पारिभद्र. कुष्ठ. कपाल. कौबेर.	કઠ. ઉપલેટ.	કુઠ. કુટ.	કુટ.	પાટ્ચક.	ગોશતમ.	કોઠ.	ચંગલકુઠ.	કુશ્ત–ઇ–બરી. કોઅલ.	કુસ્તબહેરી.	Costus.	Saussurea Lappa.	ઉષ્ણ. વૃષ્ય. વાતહર. રક્તશોધક. કફઘ્ન. — કોઢ.	કુષ્ઠાદિચૂર્ણ. કુષ્ઠાદ્યતૈલ.	,,	Compositeæ.	મૂળ.	ચીન દેશથી આવે છે.
५२	काश्मीर. पुष्करमूल. पद्मपत्र. पौष्कर. पुष्कर.	પોખરમૂળ.	પુષ્કરમૂલ.	પુહકરમૂલ.			પુષ્કરમૂલ.						જ્વર. શ્વાસ. શૂળ.		,,		,,	નં.૫૧નો ભેદ છે.
५३	कटुपर्णी. हेमक्षीरी. पीतदुग्धा. हेमाव्हा. हिमावती. हैमवती.	દારૂડી.	દારૂડી. કાંટેચોચ્યા.	સત્યાનાશી.બર્બંડ. પિસોળા.	શિયાળકાંટા.		ગિક્રણીકિયભેદ.				Gamboge. Argemone thistle.	Argemone mexicana.	રેચક. કૃમિઘ્ન. કફઘ્ન. પિત્તહર. શોધક.		,,	Pepaveraceae.	રસ. તેલ બીજ.	આમાં મોર્ફિયાનો ભાગ છે. આમાંથી ઝેરી તેલ નીકળે છે.
५४	अजशृंगी. वक्ता. कर्कटशृंगी. शृंगी. कुलीरविषा- कुलीरा. णिका. वक्रा. कर्कटाव्हया. विशाणी. नतांगी.	કાકડાશીંગી.	કાંકડશિંગી.	કાક્રાસિંગી.		કાકટશીંગી.	કર્કટશૃંગી.					Pistacia integerrima. Rhus Kakrasingi.	ઉષ્ણ. કફઘ્ન. વાતહર. — જ્વર. ઉર્ધ્વરસ. ક્ષય.	શૃંગ્યાદિચૂર્ણ.	,,	Anacardiaceae.	ફળ.	ઉત્તર હિંદુસ્તાનમાં થાય છે. ટેનીનનો ભાગ વધારે છે.
५५	कट्फल. भद्रवती. कुमुदिका. भद्रा. कुंभिका. श्रीपर्णिका. कैटर्य. सोमवल्क.	કાયફળ. (જંગલી જાયફળ.)	કાયફળ.	કાફ્ફલ.	કાફ્ફલ.	મરુદમપટ્ટાઇ.	કિરસિવનિ.		દારશિશાન.	ઉફ્લબ્ક.		Myrica sapida.	વાતહર. કફઘ્ન. — જ્વર. શ્વાસ. પ્રમેહ. અર્શ.	કટ્ફલાદિ. ,,—,, પાન. મહાકટ્ફલાદિ.	,,	Myricaceæ.	છાલ.	ઉત્તર હિંદુસ્તાનમાં થાય છે.
५६	कट्फल.	જંગલીજાયફળ.	કાફ્ફલ. રામપત્રી.								Arillus.	Myristica malabarica.	,,		,,	Myristiceæ.	ફળ.	આમાં સ્ટાર્ચ, આલ્બ્યુમેન ને તેલ છે. ચરબી પણ છે.

નંબર.	સંસ્કૃત નામો.	ગુજરાતી.	મરાઠી.	હિંદી.	બંગાલી.	તામીલ.	કાનારી.	તેલુગુ.	ફારસી.	અરબી.	અંગ્રેજી.	લાટીન.	ગુણ.	ઉપચારો.	વર્ગ.	કુદરતી વર્ગ.	ઉપયોગી ભાગ.	વિશેષ હકીકત.	રીમાર્ક.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૫૭	महाकुंभा.	કુંભીઅસ.	કુંભા.			પૂતાંતિમરમ્.						Careya arborea. Roxb.	વાતહર. કફઘ્ન. જ્વર. શ્વાસ. પ્રમેહ. અર્શ.		"	Myrtaceæ.	છાલ.	આમાંથી ગુંદર નીકળે છે.	
૫૮	पद्मा. भार्गी. फंजी. भृगुभवा. ब्राह्मणयष्टिका भृगुजा. अंगारवल्ली. कासघ्नी. ब्रह्मयष्टिका. खरपुष्पा.	ભારંગી.	ભારંગ. ભારંગી.	ભારંગી. બભનેટી.	બામનહાટિ.		ગંટુભારંગી.					Clerodendron Siphonanthus.	ઉષ્ણ. પાચન. દીપન. કફઘ્ન — જ્વર. શ્વાસ.	ભાર્ગીગુડ. ભાર્ગ્યાદિ ક્વાથ.	"	Verbenaceæ.	મૂળ.		
૫૯	अश्मघ्न. पाषाणभेद. गिरिभित्. मिश्रयाजनी.	પાષાણભેદ.	શિલાપાષાણ.	પથરચૂર.	પથરચૂર.		કાર્પૂરવલ્લી.	[illegible]	ગાવઝબાન.	કિલ્કિલાની.	Borage.	Coleus aromaticus.	શીત. મૂત્રજનન. [illegible] — પથરી. મૂત્રરોગ.	પાષાણભેદાદ્યઘૃત.	"	Labiatæ.	પત્ર.		
૬૦	पाषाणभेद. शैलगर्भ. उपलभेद. शिलाभेद. कृच्छ्रहर.	લાકડી પાષાણ ભેદ.										Iris. sp.	"		"	Irideæ.	મૂળ.	ટીલેટમાંથી આવે છે.	
૬૧	कुंजरा. बहुपुष्पी. ताम्रपुष्पी. वह्निज्वाला. धातकी. सुभिक्षा. धातुपुष्पी. जतुरागा. मद्यपुष्पी. मदकरा. मद्यपाचनी. कुमुद्रा.	ધાવડી.	ધાયટી. ધાવડી. ધાવડી. ધાયટા. ધાવડી.	ધાય.	ધાયફૂલ.		ધાતકી.	ધાતકીપુષ્પ. [illegible]				Woodfordia floribunda.	શીતળ. પિત્તહર. કૃમિઘ્ન. રક્તશોધક — અતિસાર. [illegible] વિષ.	ધાતક્યાદિ.	"	Lythraceæ.	પુષ્પ.	ખાનદેશથી આવે છે. [illegible] વગેરે છે.	

६२	अरुणा. मंजुषा. कालमेषिका. मंडूकपर्णी. काला. योजनवल्ली. गंडीरी. रक्तयष्टिका. जिंगी. रक्तांगी. मंडी. रसायनी. भंडीरी. वस्त्ररंजिनी. भंडीतकी. विकसा. मंजिष्ठा. समंगा. ताम्रमूला. रागांजी. वस्त्रभूषणा. लोहितलता.	મજીઠ.	મજિષ્ઠ.	મજિઠ.	મજિઠ.	મજિષ્ઠ. શેવલિસ.	મજિષ્ઠ.		રૂનાસ.	ફુવ્વાહ. ફુવ્વહુસ્સબ્બાગીન.	ગ્રીક.-ફ્રુગ્રોસ. Madder root.	Rubia cordifolia. Lin.	ઉષ્ણ. વિષારિ. —— શ્લેષ્મ. સોજા. યોનિરોગ. નેત્રરોગ. કર્ણરોગ રક્તરોગ. અતિસાર. રતવા. વ્રણ. પ્રમેહ.	મંજિષ્ઠાદિકવાથ. સમંગાદિકવાથ. લઘુમંજિષ્ઠાદિ ,, બૃહદ્‌મંજિષ્ઠાદિ ,, મધ્યમંજિષ્ઠાદિ ,,	,,	Rubiaceæ.	મૂળ.	નેપાળ, બંગાળ, આરાકાન ને કરાંચીમાં થાયછે. તેમાંથી તેલ બને છે ને રાતો રંગ નીકળે છે	
६३	कुसुंभ. बाह्रिशिख. वस्त्ररंजक. कमलोत्तर. वनकुसुंभ. पट्टरंजक. अलक्त. पावक.	કુસુંબો.	કુસુંબા. કરડ્યા.	કુસુંબાડ.	કુસુમ.	કુસુંબા.	કુસુંબ.		અસફરાનાહ.	કુસુંમ. હબ્બુલઅસ્ફર. ગઅસ્ફુર.	ગ્રીક. અર્થ્રુકુસ.	Carthamus tinctorius. Lin.	વાયુકર. રક્તપિત્તહર. કફઘ્ન. —— મૂત્રકૃચ્છ્ર.		,,	Compositeæ.	ફુલ તથા પુષ્પ.	બધે થાય છે.	જુવો નં. ૫૬૦
६४	अंगारवल्ली. ब्राह्मणी. अरशाका. याव. अलक्त. लाक्षा. जतु. वृक्षामय. पलंकषा. हंजिका.	લાખ.	લાખ.	લાહિ.			અરક્તુ.	લાકા.	લાક.	લુક.	Shell-lac.Sealing-wax.	Coccus lacca.	પિત્તહર. કફઘ્ન. શીતલ. —— શ્વાસ. જ્વર. વ્રણ. રતવા. કોઢ. કૃમિ.	લાક્ષાદિતૈલ. લાક્ષાદ્યગુગ્ગુલ.	,,		રસ.	ઝાડોમાંથી ઝરતાં બનાવે છે.	
६५	कांचनी. वरवर्णिनी. क्रमिघ्ना. हरिद्रा. निशाख्या. हलद्री. पीता. हृद्विलासिनी. योपित्प्रिया. रजनी. वर्णदात्री. रंजनी. निशा.	હળદર.	હળદ.	હલદિ.	હલદ.	મંજલ.	અરસીન.	પાસપુ.	ઝરદચૂબાહ. ઝરદૌબ.	ઉરૂકુસ્સબ્બાગીન. ઉરૂકુસ્સફર.	Turmeric.	Curcuma longa. Roxb.	ઉષ્ણ. કફઘ્ન. પિત્તહર. —— પ્રમેહ. સોજો. પાંડુ. વ્રણ.	નિશાદ્યતૈલ. રજનીલેપ. રજન્યાદિચૂર્ણ. હરિદ્રાદિલેપ.	,,	Scitamineæ.	મૂળ.	કલીકટ, કડપ્પા, ત્રોરેમાં થાય છે.	

